३५६

THE ORIGIN OF THE CREATION OF MAN,

AND

A BRIEF ACCOUNT

OF THE QUALITIES RESULTING THEREFROM.

BY

FRAMJEE MEHERWANJEE HATTY-DAROO.

BOMBAY,

PRINTED AT THE "COWASJEE" PRESS,

1873.

ઇનસાનની

પેદાયશનું મુળ

અને

તે માંહેથી ઉતપન થાતા

ખવાસનો

ટુંક ખુલાસો.

બનાવનાર

ફરામજી મેહરવાનજી હાથીદારૂ.

મુંબઈ મધે

કાવસજી પ્રેસમાં છાપ્યું છે.

સને ૧૮૭૩.

મ્હારા પ્યારા ભાઈ

કાવસજી મેહરવાનજી હાથીદારૂ.

આ નાટકનું પુસ્તક તમારી ફરમાસ વગર કદિપણ હસ્તી પામતે નહીં,—વાસ્તે હેનું નીકળવું ફકત તમોનેજ આભારીછે, તેથી કરીને તમો મેહરબાન ભાઇને એક નાહાની યાદગારી દાખલ તમારા નમનતાઈ ભરેલા ભાઈ ફરામજી મેહરવાનજી હાથીદારૂ-એ અર્પણ કીધુંછે.

દીબાચો.

દાદારનું નામ જે **જાનછે,**
જે નામથી જીવતી જહાનછે.
કિરતારછે પાક **પરવરદેગાર,**
દાતાર ઈનસાનને **પાળનાર.**
ઈયજદાન જે **નુર** યાને **ઈલમ,**
એલમી ચે હસ્તી આ હસ્તી અદમ.
બે નુરના ખાસ દરયાવછે,
જેને ના છેડા કે ના ઠાવછે.
આદમને બુજોતો ઈયજદાનછે,
છે આ હસ્તીને **તે** ગ્યાનછે.
ઈનસાન સુરતછે ઈયજદાનની,
જો જાએછે તું મો ઈનસાનની.
ખાવુંને સુવુંછે હેવાનિયત,
ઈનસાન થાવુંછે ઈયજદાનિયત.
બાતેનમાં જોરે બાતેનમાં જો,
આ તનને છોડીને એમનમાં જો.

મનમોછે રચના એ **ભગવાનની**
અજાયબ તરેહની અજબસાંનની
મનમો પોતાના જગ જોઇલે,
હાથોને કાયાઓથી ધોઇલે.
આ મનને અંદર અજબ ખેલછે,
દાના ને ચાતુર જહાં ખેલછે.
મનમો સમાઇછે બધે જહાન,
સાતે જમિંને બધાં આસમાન.
ભગવાન જે પાસ ત્રણડે ભવન,
ભુમિને આદિલ ને ફરતો ગગન.
કમતર ગણી એક ખસખાસથી,
તબિ ન ગિયો સમાવાસથી.
ભગવાનનોબિ થયો જો સમાવ,
ખગોછે અજાયબ સરિખો બનાવ.
વળી એક બીજો ચમતકારજો,
ચારીને જો તનનો અવતારજો.
કહી ગણતરીમાં કહી સાનમાં,
હેમાં ફરીલ બધી જહાનમા.
એક ખુણામાંછે ત્રણડે જગત,
અબિછે **ભગવાનજીની** સિફત.

મન

ઈનસાનની પેદાયશનું મુળ શું હશે?
એ વિશે આજ લાગ્એ વખત થયા હું
વિચાર કરતો આવ્યો છું ખરો,—પણ તે
વિશે છાપીને બાહેર મેળવામા આવશે હેતું
કદિ સ્વપ્નમાપણ હતું નહીં—આ થોડાં
પાનાં બાહેર પાડવાનો સબબ એકે
તા૦ ૧૮ મી ફેબરવારી ૧૮૭૩ ને દિને
આતરેતી જ્ઞાનપ્રસારક નામની મંડળીમા
"માણસજાત અને તેની વર્તણુક" વિશેનું
જે ભાષણ વંચાયું હતું જેની શેવટે તે
સભાના નાયબે સરનશીને એજ બાબદ ઉપર
ફરીથી સાંભળવાને પોતાની મોટી ઉલટ
બતાલાવી હતી.—એ ઉપરથી મ્હારા એક
એશીએ મને ફરમાસ કીધીકે એ વિશે હું
કંઈ લખું તો સારૂં કારણકે એ મંડળીની
તરફથી ઈનામના ત્રણ રસાલા તા૦ ૨૮ મી
ફેબરવારી ૧૮૭૩. સુધીમા માગેલાછે.

આ સાંભળી ઈનામની ખાહેશથી
નહીં, પણ તેની મરજીને ખાતર એક ટુંક
રસાલો લખીને તા૦ ૨૬ મી ફેબરવારીને
દને ઉપલી મંડળીના મુનસી જોગ મોકલ્યો
હતો, પણ બીજા ત્રણ રસાલા તેઓને વધુ
સારા લાગ્યાથી મ્હારો નિબંધ તા૦ ૧૮ મા

માર્ચને દિને મને પાછો મળયો હતો.—જે ડોક્ટર જોશીની ફરમાસથી છાપવાનો ફરજ થાઇ, જેથી તે મંડળીની ઉપર મોકલ્યો હતો તેમા કંઈક ફેરફાર કરીને આ આકારમા બાહેર પાડ્યોછે.

મ્હારાં નામ પાછળ યુનિવર્સિટિની પદવીઓ નહીં લાગયાના સબબથી આ નાધલાં પુસ્તકને ધીક્કારની નિઘાથી જોવું નહીં અથવા શેવટ સુધી વાંચવાને કંટાલવું નહીં.—તયારબાદ ઉપલી મંડળીને જેમ રસીલું લાગ્યું નહીં, તેમજ બીજાંઓનેપણ ભાવે નહીંતો તેમા હું મ્હારો પોતાનો વાંક સમજસ નહીં કારણકે સર્વકોઇની વિચારશકિત કુદરતથીજ જુદી જુદી રીતે રચાયલીછે તેથી સર્વકોઈના વિચાર એક-બીજાને મળતા આવે નહીં તેમા અજબ જેવું કંઈજ નથી.

આ લખાણ નિસાળના એક વગર કેળવાયલા,—પણ મગજથી કસાયલા વિચારની માંહેથી જન્મ પામ્યુંછે.—વાંચનારાં સજ્જનો હેને કોઈબી હાલતમા લેવાને મુખત્યારછે, તે વિશે બનાવનારને કસી અડચણ અથવા મનાઈ નથી.—ઉપલું વાંચયાથી કોઇયે એમ નહીં સમજવું કે

એ લખાણમાં બોલોની જોડણી તથા છપાઈ વગેરે, વગર ખામીની હશે, કારણકે આતો મ્હારો પેહેલીજ વારનો દેખાવછે, વાસ્તે એમાં તેમ નહીં હોવું, એજ મુશકેલછે.—આ નાધલાં પુસ્તકમાં જે કંઈ કહ્યુંછે તે વિશેના દાખલા દલીલ વિચારના સાહેબોની વિચારશક્તિ પોતેછે.

ફ. મે. બ. હાથીદાર.

ભાગ પેહેલો.

ઈનસાનની પેદયશના મુળ વિશે.

આગળ દીબાચામા કહેઆ મુજબ ઇનસાનની પેદાયશ અને તેના ખવાસ. વિશેનો રસાલો લખવાણે મારી ખાએશ થઇ જેથી થોડો વખત એજ વિચારમા શાન્ત પણે બેઠો અને ધારવા લાગો કે શું લખું, એટલામાં મને આએ રીતનો વિચ'ર આવ્યો કે ઇનસાન કેમ પેદા થાયછે, અને તેને પેદા થવાનુ મુળ કારણ શું હશે, અને એ રીતના ઘણાએક સવાલ મારા આત્માની મારફતથી મારા મગજને મે પુછ્યા અને તે માંહેથી મારા સવાલના જવાબ જે રીતે મને મલતા ગયા તે દરેકને અતરે જાહેર કરૂ છું.

ઇનસાનને પેદા થવાનુ કારણ એજકે

કુદરતથી એમ બનતું જોઇયે અને આપણ સર્વકોઇ જાણીયે છૈયે કે કુદરત શિવાય કાંઇ પણ બનતું નથી, પણ દરેક બાબદોને ફક્ત કુદરતનેજ સોંપીને ખામોશ બેસી રેવું એ ડાહાપણથી દુરછે અને ધાર્યા મેલે કોઇપણ વિદ્વાન તેમ કરવાને ચાહાશે નહી કારણકે તેઓની એરીતની તબે હોયછે કે કાંઇપણ બાબદ ઉપર પુરતું ધ્યાન આપવું અને કોઇપણ વસ્તુ અથવા બાબદને તેઓ નકામી લેખી પડતી મેલતા નથી, પણ તેઓ તેને બારીકી થી તપાસી જોઇને સારીપબે તેનો કસ લીયે છે, અને એવાં કારણોને લીધેજ આજ એવી 'બોહોળી શોધ થાઇછે.

ઇનસાનને પેદા થવાનુ કાંઇપણ મુળ કારણ યાને પ્રથમ પગુ હોવુંજ જોઇયે કારણકે દરેકનુ પ્રથમ પગુ એ કુદરતથીજ રચાયલુંછે અને જેને પ્રથમ મુળ નહી હતું તે તો **તેજ** સર્વશકિતમાન **ખુદા એ** પોતેછે કે જે કોઇની પણ મદદ શિવાય નાબુદીમાથી પેદા થયેલોછે, **તેને** બનાવનાર કોઇજ નથી પણ **તે** પોતેજ સર્વનુ મુળછે, યાને શરૂઆતમા **તે** પેહેલોછે.—પણ **તે** પછી જેકાંઇ બન્યુંછે તેને કુદરતે મુળ પાયો રાખેલોછે,—અને તેમજ

ઇનસાનની પેદાયશમા પણ મુળ પાયોછે. વાસતે ઇનસાનની જીંદગીનું પ્રથમપણું શું છે તે વિશે મહારા વિચાર મુજબ અતરે કાંઇએક ખુલાસો કરૂંછું.

હું પક્કી ખાતરીથી અને મનપતિજ રીતે કહુંછું કે માણસ જાત પેદા થયાની આગમજ વિચારની હાલતમા હોયછે અને ઇનસાનની પેદાયશનું મુળ એ પણ વિચાર પોતજછે. **વિચાર** એ કુદરતની એવી એક બખ્શેસછે કે દુનિયાની પેદાયશનું સર્વ બંધાન એથીજ બંધાયલુંછે અને તમામ પેદાયશ એ વિચારના આધાર ઉપરજ ટકેલીછે, તેસાથે વળી બેહેસ્ત અને દોજખ ફરેસ્તા અને દેવ (સ્વર્ગ કે નરક દૈત્ય અથવા દેવતા) એપણ એજ વિચારથીછે. (બેહેસ્ત અને દોજખવીશે-નો ખુલાસો સ્વપ્ન યાને ખોઆબની બાબદના ચોપાન્યામા લખીશું.)

પુરતો વિચાર કરતાં બરાબર સાબિત થાયછે કે સર્વશકિતમાન **ખુદા** પોતે પણ એક **વિચાર**-રૂપછે કે જે ઘણુંજ ખાલેસ સાફ અને નિરાકારછે, અને ઘણી-એક રીતે તપાસી જોતાં બરાબર સમજસે કે આ મહારૂં બોલવું ઘણુંજ ખરૂંછે. આય વેળા એ

લખાંણ તે મહા દયાળુના નામની ખોળ કરવાને લખતો નથી તેથી હાલતો ઇનસાન ની પેદાયશનું મુળ યાને અસલ પણાં વિશે લખુંછું.

આયતો ખરૂંછે કે ઇનસાન પ્રથમમા એક વિચાર રૂપ હતું.—વિચારશક્તિની એ એવીછે કે તેને રૂપ રંગ કે સાર કાંઇજ નથી તોએપણ એ એવું ખુબી-વંત રૂહ છે કે ઉપર કહ્યા મુજબ જેમ તેહેને કાંઇજ નથી તેમજ તે દરેક રીતના રંગ રૂપ અને સાર લેઇ શકે છે,—ટુંકામા કહુંછું કે જોખીકે એ વિચાર નિરાકારછે તોએપણ દરેક આકારમાં જેવો જોઇયે તેવો તે પોતાને બદલી શકેછે.

એ વિચાર ચાહેછે ત્યારે પોતાને ચો-પગાંમાં બદલેછે,—પરંદાં યાને પક્ષીમા ભેળાયછે,—એ ફાડી ખાણારાં વાઘ વરૂ અને એવાંજ બીજાં જાનવરોમાં બદલાએછે,—એ વળી પોતાને કીડાના આકારમાં પણ બદલી શકેછે. જે રીત જોઇશું તે રીતમા એ વિચાર પોતે સામેલછે, છુપો અથવા જાહેર જે કાંઇછે તે એજ વિચારછે. અગર કોઇ તેને જાણવા ચાહેતો તે વિચારની નીશાંની તેના વિચાર પોતેજછે, વાસતે તમારા

વિચારથીજ તમે વિચાર કરો કે તમો કોણ છો——એ જાતે ઘણો નિર્મળછે તેથી આંડી તેવી રીતમાં સેહેલથી મલી સકેછે.

માહારી પાસે એવા દાખલાછે કે તે અતરે દાખલ કીધાથી ઘણુંજ ભલી રીતે સમજે,—સમજે એટલુંજ નહી પણ તે વીશે સર્વસકિતવાંન **ખુદાએ**નો રચનાનો અજબ રીતનો ખ્યાલ અને ખુબી વાંચનારને ઘણીજ દીલ પસંદ થઇલાગે, પણ આ નિબંધમાં તે બાબદ ઉઘાડી લખવાને દુરસ્ત ધારતો નથી તેથી તે વિશેનો વિચાર કરવાને ડાહ્યાં વાંચનારાંઓનેજ સોપું છું.

ઉપર કહ્યુંછે કે વિચાર જેમ નિરાકાર છે તેમ તે દરેક રૂપમાંછે, અને આએતો ખરૂંછે કે દરેકની ઉત્પંતિ અથવા પેદાયશમાં. કુદરતનો એક નીયમછે કે જે નીયમથી સઉ કોઇ પેદા થાયછે, પણ કુદરતના નીઅમમાં બી મુળ યાને પ્રથમ પણું છે, કારણકે એવા કાંઇ પણ વસ્તુ અથવા બાબદ નહિ હશેકે તેને કાંઇ મુળ કારણ નહિ હોય, અને એજ રીતે ઇનસાનને પેદા થવાનું મુળ યાને પ્રથમ પણુ હોવુંજ જોઇયે. આગળ કહ્યુંછે કે ઇનસાનનુ પ્રથમ પણુ વિચાર હોયછે.

કુદરતના નિયમનો કેટલોએક સંજોગ સાથે મળયાથી વિચાર રૂપ પોતાની માતાના ગર્ભસ્થાનમા જગા લીધાબાદ **તે** કિર્તારની બખ્શેસથી જીવ પામેછે, યાને ગર્ભમા જગા લીધાની આગમજ જે એક નિરાકાર વિચાર હતો, તે ઉપલાં મથકમાં આવી સી રીતે ઇનસાન રૂપ લીયેછે એ વીશે આગળ સમજાવ્યામા આવશે.

સર્વશકિતમાન **ખુદાએ** પ્રથમ અંધકારમાથી ઉજાસ પેદા કીધું, યાને જીવ પામેલી પેદાયશની અગાઉ પોતાની અપાર ખુબીથી આ પૃથ્વીને સંપુર્ણ રીતે રચી તેમા પ્રાણીને શીરીતે જન્મ આપ્યો તે વીશે કહુંછું. (કોઇ પણ સમજુ માણસ ને આયતો સાધારણ રીતે જાણીતું હશે કે ગરમ અને સરદ એ બે વસ્તુ સાથેમળી એટલે રસાયણ સંજોગે તે માહેથી ત્રીજો પદાર્થ બનેછે, (જેમકે પાન (સોપારી) કાથો અને ચુનો એકઠો મળયાથી લાલ રંગ બનેછે; અથવાતો હળદ અને ચુનો—કે જે રંગમા એકેકથી તદન જુદોજછે,—એક સફેદ અને બીજો પિળો) શરૂઆતમા પ્રાણીઓની પેદાયશને કારણે કુદરતી **વિચાર**.

શક્તિના બળથી કાંઇએક વનસ્પતિનો એક જથ્થો એકટો થયો, અને તે લાંબો વખત સુધી એકનીએક જગે પડી રેહેવાથી રાતના ઠારે કરીને તેની વચમાનો ભાગ હમેશાં ભિંજાયલો રેહેવાના સબબે સડી ગયાથી રસાયણ સંજોગે તેમાં ઝીણા ઝીણા જીવ (કીડા) પેદા થયા.

જાણવું કે ઉપર કહેલિ વનસ્પતિમા જીવ પેદા થવાને ચાર વસ્તુ એકટી મળેલી હતી, જેમાં પેહેલી સુર્યની ગરમી, બીજી હવા, ત્રીજું પાણી, અને ચોથો તે જગાની મટોડીણો કેટલોએક ભાગ.—એ ચાર વસ્તુ સાથે મળ્યાથી ઉપર કહેલી વનસ્પતિમાં જીવ પેદા થયા. (ઘણુકરીને એવાંજ કારણોને લીધે આગળા ફીલસુફોએ એ ચારેને તત્વ (એનાશર) ના નામ આપ્યાં હોય,—તત્વ ચાર અથવા વધુ ઓછાં છે તે વિશે કાંઇ હું બોલતો નથી, પણ એ ઉપરથી એમ સાબિત થાયછે કે એવા કેટલાએક સબબોને લીધેજ તેઓએ એ ચાર વસ્તુઓને મોતબર ગણી હોય, કારણકે ઉપર લખ્યા મુજબ એ ચાર વસ્તુઓ એકટી થયાથી પેલી વનસ્પતિમા જીવ પેદા થયા હતા.)

હવે તે વનસ્પતિમા જીવ પેદા થયા બાદ લાંબો વખત જવે પેલા કીડાઓની શંખ્યામા વધારો થયો અને જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ તેઓની વસતી વધતી ગઇ,—હવે એથી એવું બન્યું કે તે કીડાઓણી ઉત્પતિને કેટલીક મુદત ગુજરયાબાદ દરેક ઠેકાણે તે કીડા શિવાય બીજું કાંઇપણ પ્રાણી કોએ દેખાયજ નહી, યાને તે વખતમા તે જગોની સપાટીની આસપાસ તેઓણીજ પેદાયશ ફરીવળી પોતાને ફાવતે ઠેકાણે તેઓએ પોતપોતાનું રેડાણ કીધું.

તેઓના જન્મારાને કાંઇએક જમાના ગુજરયા બાદ દરજજે દરજજે વધતાં **ખુદાએ**નાં ચાહવાથી તેઓમાની એકાદ માદાએ એક જુદાજ આકારના કીડાને જન્મ આપ્યો કે જે દેખાવમા, કદમા, ખાસીયતમા, ટુંકામા કહું છું કે દરેક બાબદમાં તે જન્મ આપનાર કીડાથી બિલકુલ જુદીજ રીતનો હતો. એ મુજબ એવા જુદી જાતના એકાદ બે કીડાનો જન્મ થયા પછે કેટલોક વખત જવે તેઓ પેલા પેહેલા કીડાઓથી તદન જુદુંજ રેડાણ કરીને રહ્યા, (આ એક કુદરતનો કાયદો મજવો કે હમેશાં

સર્વકોઇ પોતાની જાતમાં રેહવાને જેમ વધારે ખુશી હોયછે તેમ પરાયામાં રેહવાને ચાહતાં નથી) તેઓની પેદાયશને લાગ્યો જમાનો ગુજરવે તે જુદી જાતના કીડાની પેદાયશમા પણ ઘણો વધારો થયો અને તેઓની એક જુદી જાત જાહેર થઇ (તે વખતે આય દુન્યામાં બે જાતનાં પ્રાણી જન્મ પામેલાં હતાં જેઓમા એકતો પેલી વનસ્પતિમાથી રસાયન સંજોગે પેદા થાયલા અને બીજા તેઓમાથી જન્મ પામેલા જુદી જાતના કીડા) એ મુજબ તે બીજી જાતના કીડાઓને પણ કેટલાક જમાના ગુજરયા બાદ **ખુદાઅના** ચાહાવાથી તેઓમાની (બીજીજાતમાથી) એકાદ માદાએ એક જુદીજ જાતના કીડાને જન્મ આપ્યો કે જે તેથી તદન જુદાજ અવતારનો હતો. (બંધોને સાથે સરખાવી જોઇયેતો કદિપણ ઓળખાએ નહિ અને કોઇ નહિ કેહે કે તે પેલા કીડામાથી જન્મ પામેલોછે) એ જાતની સંખ્યામા પણ વધારો થતો ગયો. વળી એમાં પણ કાંઇક જમાના ગુજરયા બાદ ઉપર કહેયા મુજબ તે ત્રીજી જાતના કીડામાથી પણ એક જુદાજ અવતારના કીડાનો જન્મ થયો.

ટુંકામા એ રીતે ઘણા જમાના ગુજ-રયા બાદ યાને દુનિયામાં જેટલી જાતના કીડા છે ત લગભગ સઘળા પેદા થયા પછે દરજજે વધતાં વધતાં તેઓની શેવટે સર્પનો જન્મ જાહેર થયો. (**તે** કિરતારે પોતાનું ધારેલું કામ પાર પાડવાને કારણે પોતાની શકિત કેવી રીતે કામે લગાડી હશે અને કેવા અજબ રીતના સંજોગ વચમા લાવ્યો હશે તે વીશે પુરતું બયાનકરવું ઘણું મુશકેલછે.

ખરૂંછે કે કાંઇપણ કામ **ખુદાએ** પોતાને હાથે કરી શકતો નથી કારણકે **તે** પોતે નિરાકારછે, હમેશાં **તે** પોતાના **વિચારનું** બળ પ્રસિદ્ધ કરવાને કારણે દરમીઆન કેટ-લાક સંજોગ લાવેછે કે જેથી આપોઆપ **તેનું** ધારેલું કામ પાર પડેછે, એજ **તેની** કુદરતની ખરી નિશાની, અને છુપી **તેની** બખ્શેસછે. **તે** પોતાનો દેખાવ દીધા શિવાય સર્વ ઉપર તેઓને લાયકની બખ્શેસ કરયોજ જાયછે.) જાણવુંકે **તે** સાહેબે પોતાની કુદરત ના બળથી વનસ્પતિમાં ઝીણા કીડાને પેદા કરીને તે માહેથી કેવીરીતે જુદી જુદી જાત નાં પ્રાણીને પેદા કીધાં,—એ પણ **તેની** ખુબીની એક નિશાનછે,—જો **તે** ચાહતો

રાઇના એક દાણાને પર્વત બનાવે અને તેજ પર્વતને પાછો નહિ સરખો (નાબુદ) કરવાને **તે સાહેબ** પુરતી રીતે શકિતમાનછે.

વાંચનારાં સજ્જનો તમોને મ્હારી ખાતરીથી કહું છું કે **તે** કુદરતી **વિચાર-શકિત**ના બળથી આ દુનિયામા તમામ પ્રાણીયોની પેદાયશની શરૂઆત એક ઝીણા કીડાથી થાઇછે.—આ હા! એ કેવું **તેનું** ડાહાપણ, અને શું **તેની** શકિત, એ વાંશે પુરતિરીતે સમજયાથી શું કોઇને થોડી અજાયબી ઉપજશે ?. હા, આપણ જેટલી **તેની** સ્તુતિ કરીશું એટલી થોડીછે અથવાતો તે કાંઇજ નથી, એવો **તે** લાયકી વાલો અને કીર્તિથી ભર-પુરછે.

ટુંકામા કહું છું કે ઉપર કહ્યા પરમાણે સર્પનો જન્મ થયા પછી લાગ્યો વખત જતે તેઓની સંખ્યામા પણ વધારો થતો ગયો.

એ મુજબ ઘનાક જમાના ગુજરયા બાદ ઉપર કહેલા કીડાની પઠે એકમાથી બીજા અને, બીજાથી ત્રીજા એમુજબ દરજ્જે દરજ્જે વધતાં સાપની સઉથી શેવટે તેઓમાથી કોઇ એકાદ માદાએ પોતામાથી ચો-પગાં જાનવરનો જન્મ આપ્યો. એ મુજબ

ઘણાએક કાળ ગુજરયા બાદ પેલા કીડાઓ ની માફક તેઓ પણ ચઢતે દરજ્જેનાં ચો-પગાંનો અવતાર આપતાં ગયાં, અને શેવટે તે ચો-પગાંમા મોટાં પ્રાણીઓ જન્મ લેવા લાગાં, અને તેઓની શેવટે ગાય અને એ-વાંજ બીજાં મોટાં જાણવર અવતાર પામ્યાં, અને એજ રીતે એક-બીજાની ફેરબદલીથી તે ચો-પગાંની શેવટે તેઓમાથી વાંદરાઓએ જન્મ લીધો,—એ બીજાં સઘળાં જાનવરો મા શેવટનું પ્રાણીછે, કે જે માહેથી માણસ જાતે જન્મ લીધેલોછે. એ વિશે આગળ વાંચેયામા આવશે. (જાણવું કે દરેક જુદા જુદા અવતાર એકમાથી બીજામા અને બીજા-માથી ત્રીજામા એ મુજબ એક કીડામાથી દરજ્જે દરજ્જે વધતાં શેવટે ચો-પગાં જાણવરોનો અવતાર જન્મ પામ્યો, એમ જે લખ્યુછે, તેનું સમજવું એ કે તે દરેક પ્રાણી એક-બીજામાથી જન્મ લીધા બાદ જુદે જુદે ઠેકાણે જઇ વસયાં. ' તે જુદે જુદે ઠેકાણેની જુદી જુદી હવાની જુદી જુદી ખાસિયતથી તથા જુદી જુદી જાતના ખોરાક ખાધાને લીધે અને એવા બીજા ઘણા-એક સંજોગે કરી તેઓમાથી જુદા જુદા

અવતાર જન્મ પામતાહતા. તેસાથે આય પણ મ્હારે કેહેવું જોઇયેછે કે ઉપર કહેયા મુજબ કાંઇ-એક ફેરબદલીના સબબથી એક માથી બીજો અવતાર પેદા થતો હતો, તે વિશે એમ નહી સમજવું કે પ્રથમમા એક કીડો પેદા થયો, અને તે પછી નીયમ પ્રમાણે એકમાથી બીજાએ અને એજ રીત ફેરબદલી થયાના સબબે સર્વ-કોઇયે જન્મ લીધા હશે. કારણકે અગરજો એ મુજબ કુદરતી કાયદાના, નીયમ પ્રમાણેજ તમામ પેદાયશ જન્મ લીયેતો પછી **ખુદાની ખુદાઈ** ને મોટો ડાઘ લાગે કારણકે અગરજો **ખુદાએ** એક વખત કીડાને પેદા કીધો અને તે પછી કાયદા મુજબ એકમાથી બીજો અવતાર અને બીજામાથી ત્રીજો એ રીત પોતાની મેળેજ પેદા થાય, તો પછી એવો સવાલ નિકળેછે કે પ્રથમમાજ **ખુદા** પેદા થયો, અને પ્રાણીની ઉત્પતિને વાસ્તે એક કીડાને પેદા કરીને **તે** પોતે મરણ પામેયો હોય, અને તે પછી સઘળું કામ પોતાની મેળે કાયદાથીજ થતું હોય, તો પછી **ખુદાની** કસી જરૂર નથી.

કારણકે અગરજો કુદરતનાં સઘળાં કામ આપોઆપજ બને તો પછી **તે સાહેબની**

મદદની શું જરૂરછે?.

પણ નહી; **તે** શિવાય કાંઇજ બનતું નથી **તે** સાહેબતો શરૂઆતમા જેમ સઉથી પેહેલો પેદા થાયલોછે તેમજ **તે** સદાકાળ સુધી રેહેનારછે, **તેનો** અંત કદિ કોઇ સાંભળનાર અથવા જોનાર નથી.—હમેશાં **તે** પોતાના **વિચાર**ના બળથીજ સઘળાં કામ કરયો જાયછે. જુઓકે **તે** કેવો શકિતવાલો છે કે **તેને** એકમાથી બીજાને અને બીજામાથી ત્રીજાને અને એજ રીતે, તમાંમ પ્રાણીઓને પેદા કીધાં. જેમાં સઉથી અચરતભરયું એકે, અગરજો આપણ બારીકીથી તપાસી જોઇશું તો સમજશે કે તમામ પ્રાણીઓ એકમાથીજ જન્મ પામેલાંછે અને તે સંઘાં એકજછે; તોએ-પણ સઘળાંના અવતાર જુદા જુદાછે, અને વળી શેવટે પાછાં સર્વ એકનાં એકજછે, એ **તેની** અપાર કુદરતની સાબિતીને ખાતર બસછે, જોબિકે કાંઇજ નથી તોયપણ ઘણુછે. આગળ જગે જગે કહ્યુછે કે એક જાતમાથી બીજી જાતનું તદન જુદાજ અવતારનું પ્રાણી જન્મ પામતું હતું. તે વીશે કાંઇક સમજણ મેળવ્વાને ખાતર દાખલા વાસ્તે કામળીયો કીડો લેવો, કે જે

દરેકમાં ઘણોજ સાધારણ અથવા જાણીતોછે અને ઘણાક લોકોએ જોયોપણ હશે, કે તેનો દેખાવ ઘણો કરૂપો અને કાંટાથી ભરેલો હોયછે તેને અડકવાને કોઇપણ ચાહાતું નથી.

હવે જુઓકે પોપટી નામનું પરથી ઉડનારૂં જાણવર કે જે ઘણું સુન્દરછે, એને તેજ કામળીયામાથી પોતાનો અવતાર બદલ્યોછે, જોકે તેની અસલતો પેલો કામળીયો કીડોછે, કે જે જમીન ઉપર ઘસડાતો ફરેછે, જો કદી એ બંધેને એક ઠેકાણે સાથે મેલીને જુદા જુદા આકારમા જોઇશું તો કદિ પણ ખ્યાળમા આવશે નહી કે એ ખુશ-રંગ પોપટી પ્રથમમાં પેલો ભયંકર કામળીયો કીડો હતો, કારણકે તે બન્ધો વચ્ચે જમીન આશમાનનો તફાવત હોયછે, પેહલું જમીન ઉપર ઘસડાયછે, અને બીજું તેથી ઉલટુંજ હવામાં ઉડેછે. (કામળીયો કીડો કાંઇ પોતામા થી બીજો અવતાર આપતો નથી પણ એ પોતેજ બીજા અવતારમા બદલાયછે.) એ પણ **તે સાહેબનું** કેવું ડાહાપણછે, **તેની** ખુબીને કાંહાંસુધી કોઇ પોહોંચી શકે કારણકે આપણ જેટલી **તેની** ખોળ કરીશું તેથી અજાણો વધારે થતો જશે.)

જાણવુંકે ઝીણા કીડાને દરજજે દરજજે વધતાં વાંદરાના અવતારમા આવવાને કાંઇ થોડો વખત નહી લાગો હશે, કારણકે આયતો દખઇતુંછે, અને તપાસી જોતાં સેહેલાઇથી સમજશે કે હાલ જેમ વખત જાયછે તેમ સુધારો પણ પોતાની જડને મજબુત કરતો જાયછે. જુઓકે ગયાં સો વર્ષ ઉપર કેવો વખત હતો, પચાસ વર્ષની અગાઉ શું અવસ્થા હતી, દશ વર્ષની વાત ઉપર શું હાલત હતી, અને હાલ કેવો વખતછે. અને એમજ ઘણીક રીતે તપાસી જોતાં, ઇનસાનની પેદાયશ કીયા વખતમાં થાઇછે તે વિશેનો કાંઇક અડસટ્ટો શોધી કાઢવાને અગર કોઇ પુરતું ધ્યાન આપેતો તેઓ એ બાબદ વિશે જાણીતા થવાને લાયક થાય. એથી પણ કાંઇક સાબિત થાયછે કે અગરજો ઇનસાનની હાલત સુધરવાને એવો લાંબો વખત થાય તો પછી કીડાથી વાંદરા સુધીના જનમારાને ઘણો લાંબો વખત થવો જોઇયે.

વાંદરામાથી ઇનસાન કેવિરીતે પેદા થયુંછે તે વિશે કહુંછું.

પણ તેની આગમજ તમને કેહેવું જોઇયેછે કે ઘણાંક લોકોમા આ એક સાધારણ

વિચારછે કે ઇનસાનની પેદાયશની શરૂઆત આદમ નામના એક પુરૂષથી થઇછે. યાને પ્રથમમા આદમ પેદા થયો અને તેથીજ આ ઓહલી વસ્તી જન્મ પામીછે.—પણ તેઓનો એ વિચાર બીલકુલ ભુલ ભરેલોછે.

મ્હારા વિચાર મુજબ ખરૂં તો એજછે કે તે કિરતારે શરૂઆતમા એક સ્ત્રીને પેદા કીધીછે કે જેમાથી આપણ સર્વ-કોઇએ જન્મ અવતાર લીધોછે, અને તે દનથીજ સ્ત્રીઓ જન્મ અપનારીને નામે ઓળખાયછે, યાને પ્રથમ શરૂઆતમા આદમ નામનો પુરૂષ નહીં પણ એક સ્ત્રી પેદા થાઇછે.

આયતો દેખઈતુંછેકે કુદરતના કાયદાથી સ્ત્રી જેમ બાળકને જન્મ આપવાને શક્તિ માનછે તેમ પુરૂષ નથી, કારણકે સ્ત્રીઓની માફક પુરૂષોની પાસે એવું કાંઇજ નથી કે. જેથી તેઓ પોતાની માંહેથી બીજાને જન્મ આપી શકે. તે કિરતારે સ્ત્રીઓમાતો એવી રીતની ખુબી મેલીછે કે જેથી તેઓ પોતાની માહેથી બીજાને જન્મ આપવાને લાયકછે.

આય જે કહુંછું એપણ બને એવુંછે કે તે કુદરતના સાહેબ જો ચાહેતો સ્ત્રીની સાથે પુરૂષનો સંજોગ મળ્યા શિવાયપણ તેને ગર્ભ

રહી શકે કારણકે સ્ત્રીઓમા જન્મ આપવાનો ગુણ **તેને** મેલેલોજછે,—તો પછી **તે** ચાહેતો પોતાની વિચારશકિતના મહા બળથી સ્ત્રીને પુરૂષના સંબંધ વગર ગર્ભવંતી કરી શકે, અને તેમ કરવાને **તે** અશકતછે એમ કોણ કેહેશે?

ફરીથી ખાતરીથી કહું છું કે **તે** સાહેબ જયારે ચાહશે ત્યારે **તેના વિચારૂના** મહા બળેકરી સ્ત્રીઓ પુરૂષોના સંબંધ વગર ગર્ભવંતી થાઇને બાળકને જન્મ આપી શકે. યાને **તેના** ચાહવાથી કાંઇજ દુર નથી કારણકે એવી શી વસ્તુ અથવા બાબદછે કે **જે** વિશે **તે** ચાહે અને ત નહી બને?

૫ ઘણીક વેળાએ સ્ત્રીઓને પેટે એવા અચરત સરીખા અવતાર જન્મ પામેછે કે જે વિશે ખ્યાલ કરવાને ગુચવાણ ભરેલું થાઇ પડેછે, અને તેમજ ચો-પગાં અને બીજાં કેટલાંક જાનવરોમાં પણ કાંઇ અજબ રીતના જન્મ થાયછે જે વિશે અતરે ખુલાસાથી લખવાને કસી જરૂર નથી કારણકે આ વખતમા એવી બાબદોથી કોઇપણ અજાણ્યું હશે એમ કેહેવાને મ્હારી કલમ મને અટકાવેછે.

ઉપર કહેલા વાંદરાઓના જન્મારાને

પણ કાંઇક મુદત ગુજરયા બાદ તેઓમાથી એક માદાને ગર્ભ રહેયાથી તેને પેટે પ્રથમ સ્ત્રીએ જન્મ લીધો.

તે વાંદરીને પેટે અવતરેલી છોકરીનો દેખાવ કાંઇ એવો ખુબસુરત નહી હતો કે જેવો હાલની ઓરતોનો દેખાવ ખુબસુરત અને મન પસંદ હોયછે, તેનો દેખાવ ઠીંગણું કદનો અને બદન રૂવાંથી ભરેલું. ટુંકાના તેણીનો દેખાવ હાલની સ્ત્રીઓથી ઘનોજ ઉતરતે દરજજેનો હતો—તેના અને વાંદરાના દેખાવમા થોડોજ ફેર હતો—વાંદરાઓને જેમ પુછડી હોયછે તેમ તેને નહો હતી—અને ચાલવામાં તે બીજાં હેવાંનોની માફક નહી હતી. તેતો ઇનસાનની માફક સિધા કદની—ઊંચા જોઇને ચાલનારી—તેનો બાંધો ઉપર કહેલી સ્ત્રીના જેવો—અને વિચારશક્તિ અથવા અક્કલ પણ તેઓથી ચઢતા દરજ્જાની અને તેઓ કરતાં વધુ ડાહાપણ ભરેલી હતી.

કુદરતથી એવું બન્યુ હેય કે પેલા વાંદરાઓએ પોતાની માહેથી એવો તાજુબ સરીખો યાને પોતાથી તદન જુદોજ અવતાર પેદા થાયલો જોઇ એવો વિચાર કીધો હોય કે તેઓમા કાંઇ બલા પેદા

થાઇછે (કારણકે તેનો દેખાવ તેઓથી જુદોજ હતો) એવું ધારીને તેઓ કેયે દૂર નીકળી ગયાં હોય, અને તેની માતા કે જેને તે છોકરીને જન્મ આપ્યો હતો તેજ એખલી તેનું પાળણ કરવાને કારણે રહીને તે છોકરીને પરવરેશ કરી ઉધારી હોય. (મા નો પ્યાર તેનાં બચ્ચાં ઉપર કેટલો હોયછે તે વિશે સઉકોઇને જાણીતું હશે તેથી અતરે વધુ બોલવાની કાંઇ અગત નથી.) તે છોકરી મોટીથઇ ઊમરમા પુગા બાદ તેને પોતાની મા (પેલી વાંદરી) ની સોબતમા રેહવાને કાંઇક કંટાલો આવ્યો હોય તેથી કેયે જુદેજ ઠેકાણે જઇને રહી હોય. અથવાતો એવુંબી બનેકે તે સઘલાંની સાથે તેની મા પણ તેને પડતી મેલીને ગઇ હોય, અને પછી કુદરતની ધારાણાથી તે જગા ઉપર ગાય અથવા કોઇ એવુંજ બીજુ પ્રાણી આવી લાગું હોય અને તે નિર્દોષ બાળકને તે જગા ઉપર પડેલું જોઇ તેના મનમા દયા ઉપજયાથી તેને પોતાના થાનમાથી દુધ પાયુ, અને તે દન પછી એજ નીયમ તેને રાખ્યો હોય કે દર રોજ પોતાનો ચારો-ચરી આવીને પેલાં બાળકને પોતાના બચ્ચાં સરખું સંમજીને

તેનું પાળણ કરવું.

એ મુજબ **ખુદાની** બખશીશથી તે છોકરી ઉછરીને મોટી થઇ. અને હોશમા આવ્યા બાદ કોઇ સારે ઠેકાણે તે પોતાનું રેહાણ કરી રહી, જહાંથી જંગલનો મેવો અને નિર્મળ ઝરાનું પાણી સેહેલાઇથી તેને મળી શકે.

• એ રીતે તે પોતાનો વખત ગુજારવા લાગી.

ઊમરમા પુગાબાદ **તે સાહેબના ચાહવાથી** એવું બનતું જોઇયે કે કાંઇક ખોરાકનો ફેર બદલીના સબબોથી તેને હમેલ રહ્યા હોય, અથવાતો એવુંબી બને કે હમેલ રહેવાની અગાઉ જે ફલ તેને ખાધું તેનો કાંઇક ભાગ સડી જવાથી તેમાં કીડો પેદા થયો હોય કે જે તેના ખોરાક સાથે પેટમાં જવાથી જીવતો અનામત તેના ગર્ભસ્થાનમા જગા પામ્યો હોય, યાતો જે પાણી તેને પીધું તે વેળાએ **તે સાહેબના વિચાર બળથી** એકાદ જીવતો કીડો તે પાણીના સાથે તેના પેટમા જઇને હમેલની જગામા રહ્યો હોય કે જેથી તે ગર્ભવંતી થઇ અને દાહાડા જતે તે સ્ત્રીએ જોડ છોકરાંને જન્મ

આપ્યા, જેમા એક છોકરો અને બીજી છોકરી હતી કે જે બંધેની માહેથી આપણ સર્વ કોઇ જન્મ પામેલાં છૈયે.

ઇનસાનની પેદાયશ વિશેનું બયાન જે મે કીધુંછે એ મ્હારા વિચાર મુજબ ઘનુંજ ખરૂં અને ખાતરી ભરેલુંછે. વાસ્તે હાલ અગર કોઇ એ બાબદને ગમે એવી ન-જીવા અથવા નકામી સમજે તોય પણ હું મ્હારી ખાતરીથી કહુંછું કે એજ મ્હારૂં લખેલું કોઇ દાહાડે ખરૂં થશે, અને એમા કદિ ફેર પડનાર નથી. અગરજો કદિ હાલના વિદવાનો એ વિશે પુરતી રીત શોધ કરેતા એ બાબદને ઘને દરજ્જે સુધારાના આકારમા લાવવાને પુરતી રીત તેઓ શકિતમાનછે.

માણસ કેમ પેદા થયુંછે તે વિશેનો ખુલાસો ઉપર કીધોછે, એથી સમજણ પડશે કે ઇનસાન, જે પોતાની વિચારશકિતના બળથી, **ખુદા**ની તમામ પેદાયશની ઉપર સાહેબી ભોગવનાર, **તેની** અપાર બખ્શેસથી કેવી રીત પેદા થયુંછે. એ ઉપરથી સર્વેકોઇયે એ બાબદ વિશે પુરતાં ધ્યાનથી વિચાર કરવો એ આપણી એક ખાસ ફરજછે.

આપણ માણસ જાતને લાયકછે કે પ્રથમ આપણ પોતાને પિછાનવા સિખીયે, કે પછી આગળ ચાલતાં આપણ આપણને પેદાના કરનાર **તે** દયાળુ **ખુદા**ને પણ ઓળખવાને શકિતમાન થઇશું.

હવે એ બાબદને અત્રે બંધ કરીને આપણા આત્મા (જીવ) નું મુળ કારણ જે વિચાર-શક્તિછે તે વિશે ફરીથી બોલવાનું. શરૂ કરૂંછું, કારણકે ઉપર કહેલી તમામ પેદાયશનું મુળ કારણ એ વિચારના આધાર ઉપર કાયમછે.

ઇનસાન અવતાર લીધાની આગમજ વિચાર રૂપિ આકારમા હોયછે, એ વિશે. બોલવાને કારણે જગે જગે બાળકનું નામ લાગુ પાડુછું કે જેથી વાંચનારને ગુચવણ થાય નહી.

આગળ કહ્યું છે કે વિચાર કુદરતના નીયમ પ્રમાણે ગર્ભમા જગા લીધા બાદ માણસ રૂપ લીયેછે.

આયતો ખરૂંછેકે ઇનસાનની જીંદગીના બચાવને વાસ્તે ખોરાકની જરૂરછે, અને એમા પણ **તે** કિરતારનું કેવું ડાહાપણ છે કે ખોરાકથી ઇનસાનની જીંદગીનું પોષણ

થાયછે એટલુંજ નહી પણ તેસાથે વળી એકમાથી બીજું માણસ જન્મ લીયેછે.

તે સાહેબે પોતાની ખુબીથી આપણામા પાચનશકિતનાં જે તંતુઓ મેળ્યાંછે તેમા સઘળા ખોરાકનો એકટો સંજોગ મળ્યાથી તે સંધાનો એક-રસ થાઇને આપણામા રચાયલાં કુદરતી યંત્રની મારફતે એક સાંચા માથી બીજામા ઉતરેછે, અને એ રીત તમામ બદનમા ફરેછે. આય પણ કેવું અજબ જેવુંછે કે એકજ બદનમા એકજ વસ્તુ જુદે જુદે ઠેકાણે આવ્યાથી જુદાં જુદાં રૂપ લેયછે. (જેમકે, સ્રીયોને જે રસ કુલેજાંમા હોયછે ત્યારે તે લોહીના રંગમા રેહછે અને તેજ રસ છાતીમા (દુધ-સ્થાન) આવ્યાથી દુધના આકારમા બદલાયછે, રંગ મા બદલાયછે એટલુંજ નહી પણ તેસાથે તેનો સવાદ અને ખવાસ એ પણ બદલાઇ જાયછે. આહા! એ કેવું જાણવાજોગછે કે આ બદનમા એકજ વસ્તુ જુદે જુદે ઠેકાણે આવ્યાથી જુદા જુદા ખવાસમા બદલાયછે.)

જાણવુંકે એવી બાબદો વિશે સમજાવવું એ કામ કાંઇ મ્હારા જેવાનું નથી.

બદનને લગતિ બાબદોને મન-માનતી

રીતે સમજાવવા હાલના વિદ્વાન વૈદો (ડૉકટરો) વધુ કાબેલીયત ધરાવેછે.

ઉપર કહ્યુંછેકે એકજ વસ્તુ શરીરના એક ભાગની માહેથી બીજા ભાગમા આવ્યાથી તેનો આગળનો ખવાસ બદલાઇ જાયછે. અને એજ મુજબ કુદરતી બનાવના (આગળ એક ઠેકાણે કહ્યું છે કે કુદરતી દરેક કામ પોતાની મેળેજ થતાં નથી. તેનું સમજવું એકે, જેમ એક ઝાડ ઉગયું અને ફુલવાન થયા પછી તેના બી તે જગાની આસપાસ પડયાથી ઉગીને તેની માહેથી બીજાં ઝાડ પણ તેવાંજ ઉગશે,—જોકે ઝાડ એ પણ કુદરતી પેદાયશછે, તોપણ તેનુ બી જમીન ઉપર પડયાથી જે ઝાડ ઉગશે તે તેજ જાતનું થવાનું કે જેમાથી તે ઉગયું હતું. એ કાંઇ કુદરતી બનાવ નહીં, પણ કુદરતી સંજોગ કેહવાસે. કુદરતી શકિતનો બનાવ તે, કે જેમ થુવરના ઝાડનું બી જમીનમાં રોપાઇને તે માહેથી ગુલાબનું ઝાડ ઉગે.) કાંઇક સંજોગની ફેર-બદલી થયાથી કેટલીએક વસ્તુઓના મેળાવડો એકટો મળ્યાને સબબે આપણાં શરીરમાં ઝીણા ઝીણા જીવ (કીડા) પેદા થાયછે, કે જેની મારફતથી

માણસની પેદાયશમા વધારો થાયછે, યાને એ કીડાઓના બળ ઉપર માણસની વરધીનો આધાર રાખેલોછે. એવિશેનો સાબીતીને કારણે જરા ધ્યાન પુગાડયાથી સમજણ પડસેકે નાધલી વયના યાને પાંચ સાત વર્ષના બાળકો બચ્ચાંને જન્મ આપતાં નથી, પણ તે કારણસર પુગતી ઊમર જોઈયેછે તેનું કારણ એકે તેઓમા ઉપર કહેલા ઝીણા કીડા જેટલા જોઇયે એટલા હોતા નથી.

ખાધેલા ખોરાકમાથી પેદા થાયલા એ કીડા જયારે પુરતી રીતે કૌવત પામેછે ત્યારેજ ઈનસાનને હવસ પેદા થાયછે. (હવસ બે જાતના હોયછે, જેમા પેહેલો જે ઊમરમા આવ્યા પછી આપોઆપ કુદરતથીજ પેદા થાયછે તે, અને બીજો, કે જે એક બીજાને જોઇને અથવા તે વિશે સાંભળીને.)

ઈનસાનમા હવસ પેદા થયો કે પછી તે પોતાના વડા બાવા વિચારની મારફતે બાળકને તેની માતાના ગર્ભસ્થાનમા જગા આપેછે, અને એમા-પણ વિચાર સઉથી મુખ્યછે.

ઘણીક વેળાએ એવું બનેછે કે કેટલાંકોને પેટે લામ્બી ઊમર સુધી બાળક જન્મ પામતાં

નથી—અને તેમજ આ પણ એક સાધારણ થાઇ પડયુંછે કે કેટલાંક લોકોમાં અગીઆર બાર વર્ષની કોમળ છોકરીઓ બાળકની માતા થાયછે-અને ચૌદ પંદર વર્ષની નાધલી વયના છોકરાઓ બાવા બનીજાયછે.

એ મુજબ થવાનો સંધો આધાર ઉપર કહેલા કીડાની પેદાયશ ઉપરછે.

એવુંપણ બનેછે કે કેટલીક સ્ત્રીઓને પેટે બાળક જન્મ પામતાંજ નથી જેઓને આપણ વાંઝણીને નામે ઓળખીએ છૈયે એ વાંઝણીઓ વિશે ઘણાંએક લોકોનો વિચાર એવોછે કે **ખુદાએ** તેઓના નસીબમા છોકરાં લખેલાંજ નથી. પણ એવો ખ્યાલ કરનારાઓએ જાણવું જોઇયેછે કે તેઓનો એ વિચાર ભુલ ભરેલોછે, કારણકે એના નસીબ સાથે કાંઇજ સંબંધ નથી, એતો તેવી રીતના વિચાર કરનારાંઓનો એક વેહેમ છે, કારણકે કુદરત કોઇને વાંઝણી કરતી નથી.

સ્ત્રીઓને વાંઝણી થવાના કારણો એ રીતનાં હોયછે: તેમા મુખ્ય કારણ એકે તેઓ પોતાના હુપસને કાયદા સર સમ્ભાળી નહી શકવાથી આડે મારગે જાયછે, અથા

તેઓનાં ગર્ભસ્થાન ઘણા નબળાં થાઇ જાયછે અને તેમા એટલું કૌવત રેહતું નથી કે જેથી ઉપર કહેલા કીડાઓની સંખ્યા તેઓમા પેદા થાઇ શકે. બીજું કારણ એકે તેઓમા કાંઇક જાતના દરદો પેદા થયાથી તેઓ વાંઝણી થાયછે.

ખરૂંછે કે અગર કોઇને કાંઇક દરદોના સબબોથી વાંઝીઆપણુ થાયતો તેમા આપણો કાંઇજ ઇલાજ અથવા તકસીર નથી. પણ અગરજો ઉપર કહેલી રીતે વાંઝણી થાયતો તે વિશે નસીબને કાંઇજ લાગતું વળગતું નથી. આયતો માણસનો એક જાતિ-સ્વભાવજ હોયછે કે દરેકથી ભુલ થવીજ જોઇયે, કારણકે માણસ ભુલથી ખાલી હોતું નથી.

દરેક કોઇયે પોતાથી થાતી ભુલોને સુધારવી, એ આપણ માણસ જાતની ખાસ ફરજછે.

કુદરતનો નીયમ પુરતી રીતે જાણવો ઘણો મુશકેલછે.—તોપણ મ્હારી ખાતરીથી કહુંછું કે દરેકની અગાઉ અને દરેક બાબદમા તમામ પેદાયશનું મુળ એ **વિચાર** પોતેછે.

ઈનસાનની પેદાયશ વિચારથી થાઇછે, તે વિચારને સાથે લેતું આવેછે—અને પાછુ તેમાજ મળી જાયછે. યાને ઈનસાન જેમ વિચારથી પેદા થાયછે—તેમજ તે એક વિચારછે—અને પાછું શેવટે તે વિચારમાજ મળી જશે. (જેમ એક ઝાડની શરૂઆત તેના બીથી થાયછે—તેમજ તેની શેવટે પાછું બી હોયછે)

બોલતો આત્મા કે જેને આપણ સર્વ-કોઇ ઉત્તમ અથવા બુજોર્ગ સમજીએ છૈયે—અને ખરૂં જોતાં તે કિરતારે બોલવાની શકિત ફકત ઈનસાનનેજ બખશીછે કે જેથી **તેની** ખુબી વિશે આપણ એક બીજાને જાણીતાં કરીએ છૈયે, અને એવાં બીજાં કેટલાંક કારણોને લીધે એ બોલતો આતમા માનને લાયકછે એમાતો કાંઇજ શક નથી.

આપણ એને માનને લાયક ગણીએ છૈયે એ ખરૂછે પણ મ્હારા ધાર્યા મુજબ એ બોલતો આત્માને વિચારશકિતથી કાંઇ વધારે માન ઘટતું નથી, જોબિકે એ ગમે એટલો બળવાનહોય—તોપણ વિચારશકિતનો એક તાબેદારછે, વિચાર હમેશાં એનો ઉપર મોટાઇ ભોગવેછે, અને હુકમ ચલાવેછે—એ

વિચારશકિતનો એવો નિમકહલાલ ગુલામછે કે પોતાના ધણીની વિરૂધ એક બોલ પણ બોલી શકતો નથી.

ટુંકામા કહુંછુકે બાલક એ વિચારશકિતના આધારથીજ બોલી શકેછે, જેમ તે ઊમરમા વધેછે તેમ તેના વિચારનું બળ પણ વધેછે, અને જેટલું જોઇયે એટલું કૈવત પામેછે ત્યારે ઈનસાનના મગજ ઉપર તેનું દબાણ થયાથી કુદરતથી રચાયલાં યંત્રનો મારફતે (જે મગજ અને દિલ વચ્ચે સંદેશા પોહોંચાડેછે તે) તે બોલી શકેછે.

આ પણ કુદરતનો એક નાયમછે કે વિચારનો વિસ્તાર બોલતા આત્માથી ઘણો દરજજે વધુ હોયછે. (બોલતો આત્મા એટલેકે કુદરતથી આપનામા જે યંત્ર રચાયલાંછે તેના ઉપર વિચારનું દબાણ થયાથી હવાની મારફતથી જે સાદ નીકલેછે તે.)

વિચારશકિતમા કુદરતથી એવો ગુણ મુકાયલોછે કે જેને ચાહેતને પુરેપુરૂં અને વગર ખામીનું રૂપ એ આપી શકેછે.

ઘણીક વેળાએ જોયું અથવા સાંભળયું હશેકે અગરજો કદિ કોઈને કાંઇક બાબદ વિશે શોખ ઉત્પન્ન થાયછે અને તે એટલો

વધી પડેછે કે તે પોતાના તેજ વિચારમા ફેરકીની ધુન્દીની માફક ચકચુર રેહુછે, જેથી તે વિશે લોકો એવું બોલેછે કે બીચારો એજ લખમા દિવાનો થાઇ ગયોછે અથવા તો તેનું મગજ ફરી ગયુંછે.

એ બાબદ વિશે મ્હારૂં મત એવુછે કે તેવા લોકોનું માથું કાંઇ ફરી જતું નથી વાસ્તે તેવાલોકો વિશે એવું મત-બાંધવું એ કાંઇજ નહી પણ એવો વિચાર કર નાર ની સમજણની ખામી, અથવાતો તે વિશે તેઓનું અણજાણપણુછે યાને તેઓને એ બાબદ સિખવાની હજુસુધી બાકી રહીછે.

કોઇક શખ્સ કાંઇક બાબદસર વિચાર કરી એકચિતે તેને વળગી રહેઆથી દરરોજ તેમા વધારો થતો જાયછે કે જેથી તેના વિચારની મુર્તિ તેના વિચારથીજ બનેછે. (બાળકોને નાધલી વયમા કેળવણી આપવાને કારણે તેઓના ઉપરીઓ બનતી કોશીસ કરેછે તેનું કારણ પણ એજકે નાધલી વયમા તેઓનો વિચાર ઘણો નિર્મળ હોયછે, યાને તે વખતમા તેઓના વિચાર તમામ બાબદોથી બિલકુલ અલગ રહેછે.)

વિચારશકિતમા આ એક કુદરતી ખાસીઅતજછે કે જે બાબદ વિશે આપણ કાંઇ વિચાર કરીને એકચિતથી તેની પુઠે લાગેલા રહીશું એટલે આપણા વિચારમા તે વિશેનીમુર્તિ પેદા થશે.

આ પણ જાણવું જોઇયેછે કે સંધાનાજ વિચાર એકરીતે મુર્તિ પેદાકરી શકતા નથી પણ દરેકની ખાસીઅત જુદી જુદી હોયછે.

જેમકે કાંઇક જાતનું કામ (વાંચવાનું—લખવાનું—નકશા—ચિતાર અથવા કાંઇ પણ બાબદ) સિખવાને કારણે બે જુદાં બાળકોને આપિશુંતો તેઓમાનું એક તે ઉપર પોતાનું થોડું ધ્યાન પોહોંચાડશે એટલે તેના વિચારમા તે પુરેપુરૂં બેસીજશે અને તે વિશે તેને બરાબર યાદ રહ્યાથી હમેશાં પોતાના વિચારની આંખે તેને જોઇ શકેછે. અને તેજ સિખવાનું બીજાને આપીશુંતો તેને યાદ કરવાને અથવા ધ્યાનમા લેવાને લામ્બો વખત લાગશે અને તોપણ પેહલાની માફક તેને બરાબર યાદ રેહશે નહી.

હુશીઆર તથા ઠોઠ, એ બંધેમા જુદી જુદી રીતના ગુણોનો આધાર તેઓની

વિચારશકિત ઉપર હોયછે. તે બંનેમાના એકની વિચારશકિતમા એવી તરેહનો ગુણ હોયછે કે કંઇપણ જોય કે તે વિશેની મુર્તિ તેના વિચારમા તરત બંધાયછે, જેથી તે ચાહેછે ત્યારે પોતાના વિચારની આંખથી તેને જોઇ શકેછે, યાને સિખવેલી બાબદ વિશે પુછીશું કે તરતજ તેને તે વિશેનો વિચાર આવશે, વિચાર આવતાંજ પેલી મુર્તિ તેને પોતાના વિચારની આંખથી દેખાશે, અને તેનો આકાર બરાબર પુરેપુરો તેના ધ્યાનમા બેઠો એટલે તે વિશે તરતજ આપણને જવાબ દેયછે, જેથી તેને વિશે આપણ એવું બોલીએ છેયે કે એનો વિચારશકિત સારીછે, અથવા યાદદાસ્ત મજબુતછે.

બીજા વિશેનું જાણવું એકે તેની વિચારશકિતમા એટલું કૌવત હોતું નથી. કે તે જેકાંઇ જોય અથવા ધારે એટલે તરતજ તેના વિચારમા તે વિશેની મુર્તિ તઇયાર થાય, કારણકે તેની વિચારશકિતમા મુર્તિને તરત પેદાકરેવાનો ગુણ હોતો નથી, તેથી તે જલદીથી ભુલી જાયછે, અથવાતો તેને યાદ રેહતું નથી. તે વિશેનુ સમજવું એકે જયારે તેનામા મુર્તિ બંધાયજ નહી, તો પછી

પોતાના વિચારની આંખથી તે શું જોય? કારણકે તેનેતો કાંઇ દેખાતુંજ નથી, જેથી તે વિશેનો જવાબ આપવાને તે અશક્ત હોયછે. અને એથીજ તે ઠોઠને નામે ઓળખાયછે.

અવે જુઓકે બંધે બાળકોનો દેખાવતો એકસરખોજ હોયછે તેઓમા એકજ તરેહની આંખ—જીભ—કાન—મોહોડું—હાથ—પગ વગેરે તમામ બાંધો એક-મળતો હોયછે પણ તેઓની વિચારશકિતમા એટલો બધો ફેર હોયછે કે તેને જાહેર આંખે જોવાને આપણ સર્વકોઇ અશક્ત હોચે છિયે.

ઘણાક લોકોની વિચારશકિતમા એવો ગુણ હોયછે કે તેઓ કાંઇપણ જાતની નવી શોધ (જેવાંકે હિસાબના કામ અથવા નવી તરેહના યંત્ર) પછવાડે એક ચિતથી મન લગાડે અને તેનું શેવટ લાવવાને કારણે ઘણીબિ કોશીસ કીધા છતાં કાંઇક ગુચવાણ ના સબબથી તેમા નિષ્ફળ થાય, પણ જોકદિ તેઓમાનો કોઇક તેજ બાબદના વિચારમા ઉંઘાઇ જાયતો અગાઉ તેને જે બાબદસર વિચાર કીધો હતો, અને તેમા જે જગે તેને ભુલ નડતી હતી તેજ ભુલના

સુધારાનો આબેહુબ આકાર તેના સ્વપ્નમા દેખાશે કે જાણે તે જે વિશે ગુચવાણમા હતો તેજ તેની ભુલને સુધારવાને વાસ્તે કેટલાંક માણસો દેખાશે કે તેઓ તેની સામે આવીને તેની નવી સોધમા થતી અડચણને મટાડેછે, (જેમકે કોઈ શિક્ષક પોતાના છોકરાને કાંઈક હિસાબ સિખવતો હે.મ. અને તેમા ભુલ થયાથી તેને પોતાની પાસે બોલાવીને સ્લેટ ઉપર તેનો હિસાબ માંડી દેખાડે અને જે જગો તેને ભુલ પડતી હતો તે વિશે સમજાવે જેથી સારીપણે તેના ધ્યાનમા ઉતરયાથી બરાબર યાદરહે અને કદિ વિસરે નહી, અને જે વેળાએ તેને પુછે એટલે તરતજ જવાબદેય.) એમુજબ તેઓથી પોતાની ભુલ સુધરેલી દેખાશે, અને તેના ખ્યાલમા બરાબર ઉતરશે અને જયારે તે જાગો ઉઠશે ત્યારે તેને પેલા સ્વપ્ન યાદ આવશે, અને જે રીતે ઓઆબ મા જોયું હતું તે પ્રમાણે કીધાથી તેના ફતે પામેછે. એનુ સમજવું એકે અગાઉ જેવેળીએ તેને કાંઇ નવી સોધ વિશે નો જે વિચાર કીધો હતો તે વખતે તેના વિચારની મારફતે તે વિશેની મુર્તિ તેમા સંપુર્ણ

રીત પેદા થાઇતી નહી તેથી તેને ભુલ થતી હતી, પણ જયારે તે મુર્તિ તેમા પુરેપુરી તૈયાર થઇ ત્યારે તેને તે દેખાવીતો જોઇયે તો પછી તેને કાંઇ એવો આકાર નથી કે જાહેર આંખે દેખીશકે, (આ પણ કુદરતને એક નિયમછે કે કંઇપણ વસ્તુ પેદા થાય એટલે તે જાહેર થવીજ જોઇયે, તો જો તે જાહેર આંખે દેખાયા સરખી હશેતો તેને તે રીતમા જોઇશું. અને અગરજો તે અણદીઠ હશેતો તેને જાણવાને પણ **તે** દયાળુ **ખુદાએ** આપણને વિચારશકિત બખશેલીજ છે કે જેની મદદથી આપણ એવી અણદીઠ વસ્તુઓને પણ જોઇ શકીએ છૈયે. આ હા! કેવું અજબ **તેનું** કામ એથી **તે સાહેબના** કેટલાબધા આભારી છૈયે કે **તેને** કંઇપણ બાબદમા આપણને મોતાજ રાખેલાં નથી યાને આપણે લાયકની લગભગ સંધી લગામ આપણા અખત્યારમા આપીને આપણા તરેહ તરેહના કામોથી **પોતે** ગોયા રમુજ મેળવેછે) તેથી સ્વપ્નમા તે પોતાના વિચારની આંખથી તેને જોયછે.

મુમબાઇના ઘણાક રેહેવાસીઓએ પેલા ગણિત-શાસ્ત્રી મિસ્ટર નારાયણ મારટંડ

કે જે થોડુંકની વાતઉપર અતરે પ્રખ્યાત થયોહતો તેની વિચારશકિતનું બળ જોયું અથવા તે વિશે સાંભળ્યું હશે. તેના વિચારમા એવો ગુણ હતોકે જે કાંઇ હિસાબ તેને પુછવામા આવતો હતો તેનો જવાબ વગર ભુલકરવે મન-માનતો આપતો હતો અને તેમા કદિ ભુલતો ન હતો. એનુ કારણ એકે તેનો વિચારશકિતમા એરીતનો ગુણ કે તેને જેકાંઇ પુછીએ કે તે વિશે તરતજ તેના ધ્યાનમા ઉતરે અને ધ્યાનમા આવ્યું એટલે તેજ વખત તે વિશેની મુર્તિ તેના વિચારમા સંપુર્ણપણે તૈયાર થતી હતી કે જેથી તેની યાદ કદિ તેને ભુલાવતી ન હતી યાને જે વેળાએ તે યાદ કરેકે તરતજ તે વિશેની મુર્તિ તેને પોતાના વિચારની આંખથી દેખાતી હતી.

જાણવું જોઇયેછે કે એવી બાબદો કાંઇ એક બીજાને શિખવ્યાથી કોઇ શિખીજતું નથી પણ. એતો **તે** કુદરતની બખશીસથી દરેકની વિચારશકિતનો ગુણ જુદી જુદી રીતનો હોયછે, અને એવી બખશીસ **તેની** કુદરત શિવાય બીજા કોઇથી મલીશકિત નથી.

ઉપર જે એક શખ્સ વિશે કહ્યુંછે કે

જેને લોકો પોતાના ભુલ ભરેલા વિચારથી દીવાનો અથવા માથાફરેલને નામે ઓળખેછે તેનું સમજવું એકે તે શખ્સ કાંઇપણ બાબદ વિશે પોતાના એક ચિતથી વિચાર કરેછે જેથી તે વિશેની મુર્તિ તેના વિચારમા પેદા થાયછે અને જેમ દાહાડા જાયછે તેમ તે બરાબર સંપુર્ણ આકારમા તૈયાર થાયછે જેથી તે પોતાના વિચારની આંખેકરી તેને બરાબર જોઇશકેછે (જેમ કોઇક શખ્સ એકાદી સ્રીની ઉપર મોહિત પડેઓ હોયછે તો તેણીની પાછલ તે ઘેલો થાઇ જાયછે, અને તે વગર તેને કાંઇ ચેન પડતી નથી, એનું સમજવું એકે તેના વિચારમા એવો ગુણ હોયછે કે અગરજો કોઈપણ સ્રીને તે એક ચિતથી જોયછે એટલે તરતજ તેના વિચારમા તેની મુર્તિ પેદા થાયછે જેથી તે શિવાય તેને બીજું કાંઇજ દેખાતું નથી તેથી પેલી મુર્તિના અસલ રૂપને મેળવવાના ધ્યાનમા તે રહેછે) જેથી કરીને બધી દુનિયા તેને તેટલામાજ સમ્પુર્ણ દિસેછે, યાને તેના વિચારની મુર્તિ તેના વિચારમા એવી ખુબીથી પેદા થાયછે કે તે શિવાય બીજું કાંઇપણ તેને દેખાતું નથી તેથીકરીને

તે પોતામા પેદા થાયલી મુર્તિનેજ ચાહનાર અને તેનોજ ખરીદદાર થાઇલાગેછે, અને બીજી કંઇપણ કાળજી તે રાખતા નથી કારણકે અ યતો ખરૂંછે કે તેનામા જે હશે તેજ દેખાશે તો પછી તે બીજુંતે શું જોય?

એવી ખાસીઅતના માણસોને લોકો દિવાના અથવા માથાના ફરેલા સમજેછે પણ એવા વિચાર કરનારાઓએ જાણવું કે એમાં તેઓના વિચારની ખામીછે, કારણકે બરાબર કાયદાથી તપાસી જોતાં તે લોકો મહાબળવાલા હોયછે કે જેઓ પોતામા એવું રૂહ પેદાકરી શકેછે, (એ બોલ સંધાજ મગજના ફરેલાઓને લાગુ પાડતો નથી કારણકે મગજના ફરેલા બે જાતના હોયછે પણ હુંતો તેઓાણનેજ વિશે બોલુંછું કે જેઓ **તે** ખરાં રૂહને પોતામા પેદાકરીશકેછે.)

એ વિચારશક્તિ **તે** કુદરતની એક અજબ તરેહની બખશીસછે કે જેવો રીતનું રૂપ એને આપીએ તેવું એ લઇ શકેછે માત્ર રૂપ આંપવાની શક્તિ મેળવવી એજ **તે** સર્વશક્તિમાન **ખુદાને** મળવાનો મુખ્ય મારગછે.

હવે જાણવુંકે ઉપર બતલાવ્યા પ્રમાણે

અને એવાંજ બીજાં ઘણાંક કારણોને લીધેજ વિચારને પ્રથમપણુછે એમ સાબીત થાયછે અને બોલતોઆત્મા એ વિચારશકિતનો એક ખાસ ફરમાનબરદાર થડેછે કારણકે બોલવાની શકિત ફકત વિચારના દબાનથીજ છે. હું આગળ બોલ્યોછું કે ઈનસાન પેદા થાયછે તેજ વેળાએ તેમા બોલતોઆત્મા યાને બોલવાનીશકિત હોતી નથી પણ વિચારશકિત કે જેમાથી તે પેદા થાયોછે તે તેની સાથે પ્રથમથીજ હોયછે, જોકે શરૂઆતમા તે થોડી અથવા કમ કૌવત હોયછે પણ કુદરતના નિયમ પ્રમાણે જેમ પોતાની ખોરાકી તેને પુરતીરીતે મળતી જાયછે યાને જેમ ઊમરે પુગેછે તેમ તેમા પોતાની ખાસીઅતનું બળ વધતું જાયછે અને તેમજ બોળવાની શકિતપણ વધેછે અને જેમ વિચારશકિત વધુ કૌવત પામેછે તેમ બોળવાનો ગુણ પણ તેમા વધતો જાયછે.

વિચારશકિત વધવા માડેછે અને તેને સમાવાની જગા જ્યારે રોકાઇ પડેછે ત્યારે તેમાહેલી હવા બાહાર નિકળવાને જોર કરેછે જેથી બાળકને કંઇપણ બોળવાની ઉલટ આપોઆપ થાયછે તેથીકરીને તેનામા

મુકાયલાં કુદરતી વજન્તરની મારફતથી તેના એકઠા થયલા વિચારનું દબાંણ તેઉપર થયાથી સખુનના આકારમા તે બાહાર પડેછે, (જેમ એક વાજાંની પેટી (ઑર્ગન્) લેવો, તેને કુંચી દેવાને જગે જે કમાન હોયછે તેને ગોયા એક વિચાર ધારો અને તેની વચમાં જે ગોળ રૂલ જેવું આવેછે કે જેની ઉપર ઝીણા ઝીણા દાંતા બોસેલા હોયછે તેને બોલતો આત્મા ધારો, એ રૂલ ઉપર દાંતા એવી હિકમતથી બેસેલા હોયછે કે પેલી કમાનને કુંચી ફેરવ્યાથી તે ઉપર તેનું દબાંણ થાયછે, જેથી તે માહેથી આપોઆપ એવી તરેહનો સાદ નિકળેછે કે જાણે કોઈ નાજુક સ્ત્રી પોતાના કોમળ સાદથી ગાયન ગાતી હોય. એ વાજું ત્યારેજ વાગશે કે જયારે એમા મુકાયલાં રૂલ ઉપર કમાનનું દબાણ થશે.) જેને વિશે આપણ સર્વએમ ધારયે છેયેકે તે બોલેછે.

અવે એથી કદાચને કોઈ એવોબી ખ્યાલ કરેકે મુગાં માણસોમા વિચારશકિત હોતી હશે નહી, કારણકે જો વિચારના દબાણશીજ માણસ બોલી શકતું હોય, તો પછી મુગાં માણસમા વિચાર શકિત નહીંજ

હોવી જોઇયે. પણ એવી કલ્પના કરના-રાંઓએ જાણવું કે તેમ કંઇ હોતું નથી, એ મુગાં માણસોમા પણ વિચારશકિત ઘણી સારી હોયછે. એટલું કહ્યાથીપણ જો તેઓની ખાતરી થતી નહી હોયતો તે વિશે કોઈ શિખેલા વૈદ (ડાકટર) ને પુછવું એટલે તે મનમાનતો ખુલાસો કરશે.

ઘણાંક બાળકો જલદીથી બોલેછે અને કેટલાંકતો ચાર પાંચ વર્ષ સુધી બોલતાંજ નથી એથી કોઈએ એમ નહી સમજવું કે પેલાં જલદીથી બોલનારે કંઇ ઘણા બોલ સાંભળયા અને પેલા બીજાએ કંઇ થોડા સાંભળયા હોય, કારણકે બોલવાનો સંઘો, આધારનો સર્વની વિચારશકિતના બળ ઉપર રાખેલોછે, જયારે બોલતા આત્માની ઉપર વિચારનું દબાણ થાયછે ત્યારે તેઓ વચ્ચેની હવા બાહાર નીકલેછે, અને એ માહેથીજ આપણા એકઠા થાયલા વિચાર સખુનના આકારમા બાહાર પડેછે, અને એમાપણ વિચાર પોતેજ પ્રથમપણું ધરાવેછે.

આગળ કહ્યુંછેકે વિચારશકિત બોલતા આત્મા કરતાંને વિસ્તારમા વધુ હોયછે તે વિશે સેહેલાઈથી સમજાણમા લાવવાને કારણે

ધારોકે જેમ પ્રથમ ઝરામા પાણી એકઠું થાયછે અને જયારે તેમા જોઇયે એથી વધારે થાશે તોજ તેમાહેથી આસપાસની સપાટી ઉપર ફરીવળશે અને આ તો દેખઈતુંછેકે પાણી પ્રથમ એક જગામા એકઠું થાય, અને તેમા સમાસથઈશકે તેકરતાંને જો વધીપડે તો પછી તેની આસપાસની સપાટી ઉપર ફરવુંજ જોઇયે એવો કુદરતનો નિયમછે.

વિચારશકિત વિશેપણ એજપ્રમાણે સમજવું. આપણા મગજમા જોઇયે તેથી વધુ વિચાર એકઠા થાયતો પછી કુદરતના નિયમથી આપોઆપ તે બાહાર પડવાજ જોઇયે કારણકે તેને બાહાર પડવાનો ઝરો યાને બોલવાનીશકિત તે કિરતારે આપણને બખશેલીછે, અને એથીપણ સાબીત થાયછે કે વિચાર એજ સર્વનુ મુળછે.

આગળ કહ્યુછેકે ઈનસાન પેદાથવાની આગમજ વિચારની હાલતમા હોયછે, એ વિશે પુરતીરીતે વિચાર કીધાથી બરાબર સમજાણ પડશે. પણ જો એ બાબદ ઉપર પુરતુંધ્યાન નહીં આપીશુંતો એ વિશે ગોયા નકામાઓને નકામુંછે, અને એથી કદાચને કોઈ એવુંબી પુછેકે શું બધી દુનિયા

વિચારનાજ આધાર ઉપર ટકેલીછેકેશું? પણ એવું પુછનાર અથવા તે વિશે ધારનારાંઓએ જાણવું જોઇયેછેકે હા, એમજછે, અને ખાતરીથી કહુંછુંકે **તે** કિરતારની આ બેહોળી પેદાયશનો સંધો આધાર માત્ર વિચારના મહાભારત ટેકાથીજ ટકીરહેલોછે અને હું નથી ધારતોકે એ વિચાર શિવાય કાંઇપણ પેદાયશ હોય અથવા થાય.

જો પ્રથમ વિચાર હશે તોજ કંઇપણ વસ્તુ તે માંહેથી આકાર લેશે, અને એજ રીતે દુનિયાની સર્વ પેદાયશ એ વિચારથીજ બનેલીછે, અને માણસની ખાસીઅત યાને ખવાસની રચનાપણ એનાજ આસરાતળે જીંદગી ભોગવેછે જે વિશે આગળ કંઇક વાંચ્યામા આવશે, અને ફરીથી કહુંછુંકે દુનિયાની તમામ પેદાયશ જાહેર રીતે દેખઈતી અથવા અણદીઠ એ સર્વ **તે** કિરતારે **વિચારના** મારફતથીજ પેદાકીધેલુંછે.

ટુંકામા કહુંછુંકે જો એ વિચાર હતે નહી તો આપણે આ પૃથ્વીમા જન્મપણ લીધો હતે નહી! એ વિચાર જો હતે નહી તો **તે** સાહેબનેપણ કોઈ ઓળખતે નહી! બીજીરીતે બોલતાં—જો એ **વિચાર** હતે નહી તો

(તોબા) **તે** હુસ્તીનો સાહેબ, **ખુદા** પોતે પણ હોતે નહી.

અરે! કેવી રમુજ ભરેલી રચના.

એ વિશેના ઉત્પન્ન થતા બેસુમાર વિચારથી શું કોઈને થોડી ખુશાહાલી ઉપજશે? હા, ગમેતો કોઈ ખુશી થાય અથવા નહીબો, પણ ખચિતજ એ વિચારથી મનેતો એટલીબધી ખુશાહાલી ઉપજેછેકે એ મહારી ખુશાલીની આગળ તમામ પૃથ્વીની બાદશાહી ગોયા રદછે.

ઈનસાન કે જે પ્રથમમા એક વિચારની હાલતમા હતું, તેને **તે** દયાળુ સાહેબની બક્ષીસથી આ વેળાએ પોતાનું આણદીઠ રૂપ ઈનસાની આકારમા બદલ્યુંછે; ફકતે એટલુંજ શું થોડી અચરતિ ઉપજાવનારૂં છે!

એ વિચારના પ્રથમપણા વિશે એક ઘણોજ સેહેલો દાખલો લઇયે.

આપણ કોઈ જાતના ઝાડનું બી રોપવાસારૂં લઇશું તો પ્રથમ તે વિશેનો વિચાર કીધો એતો સાબીત થઇચુકું, વળી એટલુંજ નહી પણ તેના શેવટના દાહડા સુધીના વિચાર તે લેનાર કરશે, એટલાંથીજ તે સંતોષ પામવાનો નથી, પણ તેને

રોપવાની મટોડીનો વિચાર કરીને પછી તેને ખાલેસ મટોડાંમા મેલી તે ઉપર ખુબીનું પાણી રેડવાના વિચારમા તે હોયછે.

જોકે એક બી વિશે શું શું વિચાર તે કરેછે અને કેટલાં વર્ષની મુસાફરી થોડા વખતમાંજ પુરી થાયછે.

જાણવુંકે એથી કંઈ પેલા શેખચલ્લીનો દાખલો આપતો નથી, પણ ફકત આ વિચારની તુળના કીધીછે. અને એથી સમજાણ પડશેકે એ વિચાર દરએક બાબદમા સઉથી પેહલોછે, યાને દુનિયામા જેકંઈ થયુંછે—થાયછે—અને થાશે, એ સર્વ વિચારનજ આધારથીછે, અને એ વગર કંઇપણ બનતું નથી, અને એ એવો અખુટ ખજાનોછે કે એને જેટલો વધારચે એટલો એ વધીશકે, એ કદિ ખુટનાર નથી અને એનો છેડોપણ કદિ કોઈ જોનાર નથી.

આ પૃથ્વીમા જેકંઈ મોટાઈ ભરેલાં કામ થયાંછે તે એજ વિચારના આધારથી. હિન્દુઓના **મહાદેવ**, મુસાનો **જેહોવાહ**, જરથોસ્તનો **અહુરમજદ**, ઈસાનો **બાપ-દિકરો**–અને **પવિત્ર આત્મા**, (ત્રણે શકિત) અને મહોમદનો **અલ્લા**. એ સઘળાઓ

પણ **તેજ** એક **વિચારથીછે** માત્ર પોતામા **તેની** મુર્તિને તઇયાર કરવાની રીત તેઓમા એક-બીજાથી જુદિજ હતી અને તેથીજ તેઓ એક બીજાથી જુદા ગણાયા હતા.

મુર્તિને પેદાકરવા વિશે આગળ કહ્યુંછે તે બાબદ ઉપર ફરીને કંઇક બોલુંછું

આપણ બારીકીથી તપાસીને જોઈસું તો બરાબર સમજણ પડશેકે જરથોસ્તી ધરમમા પણ દરએકને પોતામા મુર્તિ બનાવવાને ફરમાવ્યુંછે "જરથોસ્તી દીનનો બંદો પંદર વર્ષનો થાય એટલે તમામ ઇઝિજદ અમસાસપન્દોની માહેથી એક ફરેસ્તો તને પોતાની માહે રાખવો" એનું સમજવું એકે દરેકે પોતાના નેક વિચારની મુર્તિ પોતામા પેદા કરવી કારણકે બરાબર વિચાર કીધાથી સમજેછેકે ફરેસ્તો કંઈ એવી વસ્તુ નથીકે ઈનસાન તને પોતાની પાસે રાખી શકે.

ઈનસાન કંઈપણ બાબદ વિશેનો જો એકચિતથી વિચાર કરેતો તેના વિચારની મુર્તિ તેમા જરૂર બનશે, અગરજો તે નેક વિચારમાથી પેદા થાશેતો ફરેસ્તો કહેવાશે (જેમ 'રાજા વિક્રમ વિશે કેહેવતછે કે બે વીર તેને પોતાના તાબામા સાંધી રાખ્યા

હતા કે જેઓ સંકટના વખતમા તેને ઘણી મદદ કરતા હતા) અને તેમજ જો કદિ તેના બદ વિચારમાથી પેદા થશેતો તે સેતાન કેહેવાશે.

જે લોકોએ **તેના** પવિત્ર નામનીમુર્તિને ઉપર કહ્યામુજબ પોતાની માંહે પેદા કીધીછે તેવા મહા પુરૂષો આ દુનિયામા પોતાનું નામ અમર કરીને સ્વર્ગપતિ થયાછે. અને તેમજ પારસીઓ તથા મુસલમાનોના ફરેસ્તા, હિન્દુઓના સઘળા દેવ, ખ્રિસ્તીઓ અને યાહુદીઓના દૂત, એપણ તેઓના પોત પોતાના વિચારથી બનેલી મુર્તિંનુ કારણ સમજવુ.

જેકોઈ **તેના** ખરા કાયદાને સમજી શકનારા હશે તેઓને બરાબર સમજણ પડશેકે નાત–જાત અથવા ધર્મમા તફાવત સા કારણથી ગણાયો હશે, વાસ્તે કહુંછુ કે ખરી બાબદ સમજયા વગર તેવા મહા પુરૂષોને એક-બીજાથી જુદા અથવા ઉતરતા ગણવા, એ કંઈજ નહી પણ તે વિશેનું આપનું અજાણપનુંછે. એ બાબદ વિશે આ ઠેકાણે વધુ બોલવાને દુરસ્ત ન ધારીને જોગવઈ ઉપર રાખયુંછે.

આ એક સાધારણ થાઈગયુંછે કે હિન્દુઓને લોકો મુર્તિપુજક અથવા પુતળાં પુજનારાં યાને **ખુદાને** નહી ઓળખનારાં ઓને નામે ઓળખેછે, પણ મહારા વિચાર મુજબતો એવો ખ્યાલ કરનારાંઓની મોટી ભુલછે, કારણકે **ખુદાને** પોહોંચેલા લોકોએ જે રસ્તો લીધોહશે તે કંઈ નાદાની ભરેલો નહી હોય, તે લોકો એ બાબદમા, યાને **ખુદાને** ઓળખવાના કામમા વધારે સુધરેળા તથા ડાહાપણ ભરેળા માલમ પડયાછે, તેઓપણ **તેજ** ખરા **ખુદાને** માનતા હતા, કેજેને બીજા ચાર પેગમ્બરો (ભવિષ્ય કેહેનારા) ઓળખતા હતા.

તે મહા પુરૂષો પોતાના વિચારના બળથી પથ્થર વગેરેને કોઈ બળવાન નામ આપીને તે નામની યાદ દાખલ તેને પોતાની સામે મેલતા હતા, (આતો દેખઇતુંછે કે તેવા એક-માર્ગી પણ સ્વતન્ત્ર પણે રેહેનારા પુરૂષો એખલા કોઈક ઠેકાણે રહેતા પછી તેઓને પથ્થર શિવાય બીજુંતે શું મલે, વળી બીજું એકે એ વસ્તુ એવીછેકે દરેક ઠેકાણે સેહેલાઈથી મળી શકે.) અને તે એટલાંજ કારણથી કે તેઓ બરાબર જાણતા

હતાકે કંઈપણ વસ્તુને હમેશાં એક નજરે જોયાથી જેવી ધ્યાનમા રહેછે, અને તે વિશેની મુર્તિ સંપુર્ણ પણે પોતામા પેદા થાયછે તેમ કંઈ વગર જોવે થતી નથી.

વગર જોવેબી થાય પણ તેમ કીધાથી કોઈ બળવાન નામની મુર્તિ જલદીથી તૈયાર થાતી નથી.

ધારયા મેળે હિન્દુઓના રૂષીઓ. એ બાબદમા ઘણા હુશીઆર હરેછે. એ લોકો ચારે પેગમ્બરોના કરતાંને વધારે જલદીથી પોતામા **તેના** પવીત્ર નામની મુર્તિને પેદા કરી શકેઆ હશે. એ લોકો પથ્થરને દરમીઆન લાવેછે તેનું કારણ એમ હોવું જોઇયે કે એ લોકોના મહા પુરૂષો **ખુદાની** યાદ કરવાને વાસ્તે એકાંત જગામા પોતાની જીંદગીગુજારતા હતા, અવે એવુંબી બનકે તેવા કોઈ એકાદ મહા પુરૂષે **તે** સાહેબની યાદમા પોતાનો વખત એક-માર્ગી પણે ગુજારયો હોય અને લામ્બી મુદત સુધી **તેની** યાદ કરતાં તે વિશેની મુર્તિ તેની વિચારશકિતમા પેદા થાઇને સ્વપ્નમા તેને પોતાના વિચારની આંખથી દેખાઇ હોય કે જે તેને ઘણી ખુશ લાગાથી તેને હમેશાં

મુધી જાહેર નજરે જોવાને કારણે તેજ મુજબની મુર્તિ પથ્થર વગેરેની કોતરી હોય અને તેપછી તેને એજ શોખ થયો હોયકે તેને હમેશાં જોય તોજ ચેન પડે (કંઈપણ વસ્તુ ઉપર ઈનસાનનું ધ્યાન લાગું હોયતો તેને તે જોયા વગર કંઇપણ ચેન પડતું નથી, એપણ માણસ-જાતનો સ્વભાવજ હોયછે) અને જયારે તેને જોઇને યાદ કરે કે તેનામા પેદા થાયલી મુર્તિનો આબેહુબ આકાર તરતજ તેના ધ્યાનમા ઉતરે. ટુંકમા કહુંછું કે એવાં કંઈક કારણોને લીધેજ આગલા વખતથી એ લોકોએ મુર્તિ વગેરેને પુજવાનો રસ્તો જારી રાખયો હતો, પણ હાલમા ઘણાંક કારણોને લીધે એ રસ્તાને ઘણોજ માઠી હાલતમા લાવ્યાછે, અને એવાંજ સબબોને લીધે એ લોકો પથ્થરને પુજનારાં થાઇ પડેઆંછે કારણકે મહા દેવને ખરી રીતે કેમ પુજવું એ તેઓ બિલકુલ ભુલી ગયાછે અને તેથી કરીને એ બાબદમા તે લોકો બદનામ થયતો તેમા એ માર્ગ સોધી કાહાડનારની કંઇજ ભુલ નથી પણ એ વિશેની બદનામીનો દોષ હાલના હિન્દુઓ

ઉપર મેલવામા જે આવેછે તે ઘણોજ વાજબીછે, ગોયા એ લોકોના ભુ[illegible] ઘટતી સજા એ લોકોને મળેછે.

સઘળા પેગમ્બરોએ એ [illegible]માન નામની મુર્તિને પોતાનામા [illegible] રવાનો ગુણ મેળવ્યો, કારણકે જાં સુધી [illegible] મુર્તિને પેદા કરવાનો ગુણ આવે ન[illegible] સુધી ખુદાને પોહોંચવું ઘણું મુશ્કેલ છે.

એ વિશે ખ્રિસ્તીઓના પુ[illegible]ન સ્થાપના મા પણ એક જગે લખ્યુંછે કે "ખુદા જયારે મુસાને મળ્યો ત્યારે તે બોલ્યો હતોકે હું તારા બાપનો—ઈબ્રાહીમનો ઈસ્હાકનો—તથા યાકુબ વગેરેનો ખુદાછું પણ ફકત તુંનેજ જેહોવાને નામે દેખાવ દેઉછું." એનું સમજવું એ કે મુસાના વડવાઓમા એ રીત હતી કે તેઓ પેઢી-દર પેઢી સઘલાઓ કોઈ મુકરર કાયદાથી એકજ નામનું જીકર (યાદ) કરતા હતા, એટલેકે તેઓ એક-બીજાને તે એકજ નામનું સાધન દેખાડી જતા હતા, યાને મુસાની અગાઉના પેઢી દર' પેઢી ઉતરતા એકજ નામની મુર્તિને પોતાનામા પેદા કરવાનું કામ તેઓએ જારી રખેયું હતું.

અને **તે ખુદ જેહોવાના** પવિત્ર **નામની** મુર્તિ હતી. તે લોકોના વખતમા એ મુર્તિ સંપુર્ણપણે તૈયાર થાઈ હતી નહી. જેથી તેઓ તેને જોઇ શકયા ન હતા યાને તે લોકો તેને અધુરી મેલીનેજ મરણ પામ્યા હતા, પણ શેવટે મુસાએ એ પાછળ ઘણા વર્ષ સુધી મેહેનત કીધી હતી જેથી **તે.** તેને દેખાઈ હતી, કે જેનું નામ બુજેરગ **જેહોવા** હતું.

એવી બળવાન નામની મુર્તિને બરાબર તૈયાર થવાને કેટલો લાગ્યો વખત થાયછે તે વિશેની સમજણ આ ઉપરથી બરાબર થાયછે, તેથી કરીને અતરે એ વિશે વધુ બોલવાની કસી જરૂર નથી.

જરથોસ્ત—મુસા—ઈસા—અને મહોમદ એ ચારે જના **તે** એકજ નામની મુર્તિના બળ ઉપર પેગમ્બર થયા હતા માત્ર ચારે જનાઓની રીત-ભાત એકબીજાથી જુદી તરેહની જાહેર કરી ગયા તે એથીજકે તેઓ જુદા જુદા વખતમા જન્મ પામ્યા હતા અને તેમજ **તેના** નામની મુર્તિને પોતાની માહે પેદા કરવાની રીત પણ તેઓની જુદી જુદી હતી, તાયપણ આ

તો પુરતું ધ્યાનમા રાખવુંકે, જરથોસ્તનો **અહુરમજદ**, મુસાનો **જેહોવા**, ઈસાનો **બાપ-દીકરો-અને પવિત્ર આત્મા**, મહોમદનો **અલ્લા**, અને હિન્દુઓનો **મહા દેવ.** એ સઘલાએ! **તે** એકજ **વિચારછે** અને એ તેજ **વિચારછે** કે જે **એકજછે**, અને એમા જુદું જે છે તે ફકત **તેની** સિફતછે.

જાણવુંકે આ વિશે બોલવાનુ તો ઘણુંબીછે પણ એ બાબદ મહારી મુખ્ય મતલબથી બિલકુલ વેગળી જાયછે તેથી કરીને હાલતો મોકુફ રાખુંછું.

અરે! આ શું અજબ, કે દુનિયામા કુંઈપણ વસ્તુ અથવા બાબદ **એ બુજોરગ વિચારથી** ખાલી નથી, દરેક ઠેકાણે જોયુ આકાશ ઉપર, કે પાતાળમા, પછવાડે, અને આગળ, આ તરફ, અને પેલી તરફ, સઘે જોયું તો કોઈપણ જગા એવી નહી જોઈ કે જે એ **વિચારથી** ખાલી હોય, વાસ્તે ફરીથી કહુંછું કે **તે** સર્વશકિતમાન બુજોરગ **ખુદા પોતે** પણ એક **વિચારછે** અને એમા કંઈજ શક નથી.

ભાગ બીજો.

ઈનસાનની ખાસીઅત અથવા ખવાસ વિશે.

આગળ વિચાર વિશે ટુંકમા સમજાવ્યુંછે, અને એ ઉપર પુરતું ધ્યાન દીધાથી બરાબર સમજણ પડશેકે તમામ પેદાયશના મુળની શરૂઆત એ **વિચારથી જ છે**, અને તેમજ ઈનસાનની ખાસીઅત અથવા ખવાસ, એ પણ એનેથીજ હસ્તી ભોગવેછે, જે વિશે થોડુંસું બોલીને આ લખાણને બંધ કરૂંછું.

માણસનું બચ્ચું વિચારની માહેથી અવતાર લેયછે તે વખતે નેકજાત અને પવિત્ર હોયછે, પછી તે કોઈબી જાત અથવા ધરમનું હોય, કારણકે ધરમ એ મા બાપથી તેના બાળક ઉપર ઉતરેલો એક રેવાજછે—કોઇપણ

ધરમમા એ સેહેલથી ભેળાઈ શકેછે. (જેમ એક પાણીને બીજાં પાણીમા ભેળવાથી એવી રીતે તે ભેળાઈ જાયછે કે તે બંધેમા કંઈપણ ફેર જણાતો નથી, અથવાતો એક આતશ બીજા આતશમા ભેળવાથી તે બંધે એકજ દેખાયછે.) આતો સઉ કોઇને જાણીતું હોયછે કે બાળકની ટેવ અથવા ખવાસનો આધાર મુખ્ય કરીને તેના વડવાઓની ઉપર હોયછે. (જેમકે બી તેવું ફલ) આગળા જમાનામા પણ લોકોનો એજ વિચાર હતો અને તેઓ જાણતા હતા કે બાળકની સારી નરસી ટેવનો આધાર તેઓના મા બાપની ખસલતની ઉપર હોયછે. જેમ કોઈ બાદશાહ અથવા ઉમરાવોમા આજે પણ આ રીતછે કે અગરજો પોતાનેતાં વહુ અથવા જમાઈ જોઇયેતો માત્ર ઊંચા ખાનદાનની માહેથીજ લેશે પછી તેઓ દોલતમા કંગાળ હોયતો ચિંતા નહી.

જો હુ ભુલતો નહી હોઉંતો આપણા પારસીઓમા સાધારણ વિચાર પ્રમાણે "ખેતીઓદથમનુ" જોડું ઉદાહરણ દાખલ પુરતુંછે, કારણકે એ મુજબ પોતાનાજ ખાંન-દાનમા પરણાવ્યાથી બન્ધેમા એકજ લોહી

(બુનીઆદ) ચાલુ રહે, અને કંઈપણ તરેહની હલકાઈનું બી તેઓમા ભેળાએ નહી.

અને એજ મુજબ ખાનદાનની તપાસ કરવાનો રેવાજ ઘણુંકરીને દરેકમા હતો, અને હાલ પણછે. હવે એ કેમબી હોય, તેઓ એવા વિચાર કરતા હોય અથવા નહીબિ, પણ આ તો ખરૂછે કે તેઓ એટલુંતો જાણતા હતાકે બાળકોની ઉપર નેક અથવા બદની અસર જે થાયછે તે તેઓના મા બાપથી તેઓ ઉપર ઉતરતો એક વારસોછે, બીજું વળી એકે જે અક્કલમંદોએ એ રીત સોધી કહાડી હશે તો તે એજ ખાસ વિચાર થી, અને તેઓ બરાબર સમજયા હશે કે બાળક ઉપર સારા નરસા ગુણની અસર તેઓના મા બાપથી ઉતરેછે. એ રસેમ તે સ્ત્રી પુરૂષના જોડાંની ખુબીને વાસ્તે એટલુંજ નહીં પણ તેઓથી અવતરેલાં તેઓના વારસ બાળકોના ગુણ વિશેની વધુ કાળજી તેઓએ કીધેલી સાબીત થાયછે.—જેમ એક ઝાડનું બી જે વેળાએ આપણ રોપવા ને ધારચે છૈયે ત્યારે તેને રોપવાને વાસ્તે અલેસ મટોડાંની જરૂર પડેછે.—આ તો ખરૂંછે કે તે મતોડાંમા જે બી રોપ્યુંછે તે

વિશેની જોઈતી બારદાસ્ત લીધાથી ઝાડના ઉગશે પણ તે મોટું થયાપછી તે ઉપર જે ફળ થશે તે મિઠું નિકળશે યા ખાટું તે વિશે કોઈ જાણતું નથી, પણ તેના મિઠાસ કે ખટાસ,—કડવાસ અથવા ફિકાસ, એ સર્વના ગુણનો આધાર તેની હેથલની મટોડીની ઉપર હોયછે. (આ ઠેકાણે એમ નહી સમજવું કે થુવરનું બી ઉમદા મટો-ડીની માંહે મેળીને તેમાં પાણીની જગે ગુલાબ રેડયાથી તે ઉપર થુવરના ડીંડવાંને ઠેકાણે ગુલાબનું ફુલ ઉગશે. પણ યાદ રાખવું જોઇયેછે કે શેવટે તેના રોપનારને તે ઉપરથી થુવરજ મળવાનો.) અને ઘણુ-ફરીને એજ મુજબ બાળકના સ્વભાવનો આધાર પણ તેઓના મા બાપની ઉપર હોયછે.—જોકે વરસાદનો એકજ જાતનો થાયછે—દરેક ઠેકાણે એકજ રૂપમાં વરસેછે. પણ તે એકજ વરસાદ સારી મટોડીમા વરસયાથી ફુલ—ફળના રોપા તથા ઝાડ વગેરે ઉગેછે,—અને તેજ વરસાદ ખારી જમીનમા પડયાથી ઘાંસ—કાંટાળાં ઝાડ વગેરે ઉગેછે.

બસલતનું તરેહવાર રીતમા બદલાવાનું

મુળ પણ તેજ વિચારથી હોયછે કે જે વિગે આગળ વિચારની બાબદમાં મે કહ્યુ છે.

જેમ દુનિઆની તમામ પૈદાયશનું પ્રથમ પણું એક વિચાર હતી છે—તેમજ ઇનસાન ની ખાસલતનું મુળકારણ પણ વિચાર પોતે છે.

ખાસલત ત્રણ રીતથી પેદા થાયછે. જેમા પેહેલી બહાર આથી એટલે ઉતરતી. બીજી આપણા માબાપથી ઉતરતી. અને ત્રીજી આપણે પેદા થયા પછી આપણા પોતાના જોર ઉપર—અને તેમજ બીજાં ઘણાક કારણોથી આપણી ખસલતનો આધાર આપણા ઉપર રેહેછે.—એ ઉપર કહેલી બધે હરતાંમાં ત્રીજી યાને આપણા પોતાનાજ વિચારથી પેદા થાયલીમા કંઇક ગુણ લાગુ પડયા હોય, અને જો કોઇ તે બદ હોયતો તે વિશેની જડ તેના વિચારમા પુરતી રીતે બળવાન થાય નહી તેટલાં તેને ટાલવાને તેના ઉપરીઓ શકિત-માનછે,—પણ પેહેલી અને બીજીની બદલી કરવાને આપણ અશકત છૈયે.

—ઇનસાન પ્રથમમા એક વિચારના હાલતમા હોયછે, કે જેને જાહેર આંખે કોઇ પણ જોઈ શકતું નથી.—તેને પોતાનો

આણદીઠ આકાર બદલીને પોતાની માંહેથી ...રેલા વિચારે, વિચારની મારફતથીજ આ પૃથ્વીમા માણસનો આકાર લીધોછે'—એ દિનથી તે પાછો પોતાનો લીધેલો વેષ અથવા આકાર પાછો વિચારનેજ સોંપીને બીજાં રૂપમા જતો રહેછે તે દિન સુધીમા, યાને સાધારણ રીતથી બોલીયેતો તે, આ દુનિયામા જન્મ લેયછે તે દાહાડાથી તે મરેછે તે ઘડી સુધીમા તેનો ખવાસ કંઈ એકસરખો રેહેતો નથી, પણ તરેહ તરેહની જુદી જુદી રીતોમા બદલાયછે.

ઈનસાનની ખાસીયતમા હમેશાં ફેરબદલીતો થાતીજ રહેછે,—જે વિશે અતરે કંઈક બોલુંછું,—અને આગળની માફક એ વિશેની અજમાયેશ એક બાળક ની ઉપરજ અજમાવ્યે યાને દરેક બાબદો બાળકને લાગુ પાડયે એટલે તરત સમજણ પડશે કે જેમ તે ઉમરમા વધેછે તેમ તેની ખાસીઅતમા ફેરબદલીઓ સો રીતથી થાયછે.

ઈનસાન કંઈ-પણ વિચાર કરેછે એટલે તે વિશેની મુર્તિ (રૂહ) તેના વિચારમા પેદા થાયછે, કે જે આણદીઠ હોયછે,—તે

બરાબર તઇયાર થયું એટલે કુદરતના નિયમ પ્રમાણે તેનાં વિચારની માંહેથી બદનના એક ભાગમા ઉતરેછે. કે જે જગા ઉપર ઝીણાં ઝીણાં કીડાઓને રેહેવાનું મથક હોયછે,—એ જગા ઉપર આવ્યું એટલે તે સાહેબની બખશીસથી ઝીણાં ઝીણાં કીડાઓનો આકાર લેયછે, અને જયારે એઓ કૌવત પામેછે તયારે ઇનસાનને હવંસ પેદા થાયછે, (પેહેલા ભાગમા એ વિશે બોલયોછું, અને ફરીથી પણ કહુંછું) જેથી તે કીડા સ્ત્રીઓના ગર્ભસથાનમાના કીડાઓની સાથે મળ્યાથી ખુદાના ચાલુ કરેલા નિયમ પ્રમાણે તેનાં માંહે ઇનસાનનો આકાર થવામાંડેછે, અને તે બરાબર તૈયાર થાયછે એટલે પછી વખતસર આ દુનિયામા જાહેર થાયછે.—હવે એથી સમજવું પડશેકે જે બાળકે હાલમા જન્મ લીધેછે તે પ્રથમમા તેનાજ મા બાપના વિચારનું રૂહ હતું કે જેની માંહેથી તેને જન્મ લીધોછે. ઇનસાનમા સ્ત્રી અને પુરૂષ એ બંનેની વિચાર-શકિત એકેકથી જુદીજ રીતની હોયછે,—અને તેમજ બંધેની વિચાર-શકિતના દરજજા પણ જુદા હોયછે, પણ

તે વિશે જાણવાનું જરા મુશકેલ હોયછે કારણકે નર અને નારી એ બંધે પોતપોતાના દેખાવમાતો એક-સરખાંજ હોયછે.—પણ બરાબર તપાસ કરતાં માલમ થયુંછે કે બાતેનીમા એક બીજાને એકમેકથી ઘણોજ તફાવત રહેછે. યાને દરેકની ખાસીઅત જુદી જુદી હોયછે જેમકે સઘળા પુરૂષોનો દેખાવતો એક સરખોજ હોયછે, પણ તેઓમા ઘણાકોની ખાસીઅત દુનિયાના તમામ જાનવરોને મળતી આવેછે, ઘણાકોની ચોપગાં જાનવરોના જેવી,—ઘણાકોની પક્ષીઓના સરખી,—કેટલાકોની ફાડી ખાનારાં જાનવરોની મિસાલની,—અને વળી કેટલાકોની તો સર્પ,—કીડા ઈત્યાદિ, ઈત્યદિ વગેરેની માફક.—સ્ત્રીઓને વિશે પણ એજ મુજબ સમજવું. જોકે એ બધે દેખાવમાતો ઈનસાનછે, પણ જેઓકે ખાસીઅતના કાયદાને પિછાનનારાછે, તેઓ બધેને તમામ જાતના જુદા જુદા વર્ગમા ગણેછે.

ઉપર કહ્યુછે કે ઈનસાનમા ત્રણ રીતથી ખસલત પેદા થાયછે. જેમ પેહેલી વડવાઓથી ઉતરતી, યાને તેઓએ જે કંઈ વિચાર કીધો હોયછે તે વિશેની મુર્તિ તેના

વિચારમા પેદા થાયને તે માંહેથી બાળકો
તેની માતાના ગર્ભસ્થાનમાં જગા આપેછે,
એ વિશે આગળ કહ્યું છે તે ઉપરથી બરા-
બર સમજણ પડશે કે વિચારમાથી બાળક
સી રીતે જન્મ લેયછે, અને તેથી કરીને
ફરી ફરીને લખવાની કંઈ જરૂર નથી.

આ તો ખરૂંછે કે બાળક તેના મા
બાપના વિચારની મુર્તિની માંહેથી પેદા
થાયછે, તો પછી તેનો વિચાર અને ખવાસ
પણ તેઓને મળતોજ હોવો જોઇયે કારણકે
આતો કુદરતનો એક નિયમજ સમજવો કે
કંઇપણ વસ્તુ જેની માંહેથી પેદા થશે,' તો
તેનો ખવાસ અથવા ખાસીઅત પણ તેને
જંન્મ આપનારના જેવીજ થશે.—આ.
પણા વિચારની મુર્તિ એકની માંહેથી
બીજાનામા સી રીતે ઉતરેછે તે વિશે નજળો,
ખઈ, વગેરેના આજારોને ઉદહારણ દાખલ
લઇયે;—જેકે એ જાતના દરદો એવાંછે કે
એકની માંહેથી બીજાનામા, બીજાની માંહેથી
ત્રીજાની માંહે અને એજ મુજબ પેઢી
દર પેઢી ઉતરેછે.—એ એકની માંહેથી
બીજાની માંહે સી રીતે ઉતરેછે તે જાહેર
આંખથી કદિ કોઇને દેખાતાં નથી, તોપણ

આપણ એટલુંતો જાણયે છેયેકે એ દરદો કુટુંબના બાળકોમા પેઢી દર પેઢી ઉતરતાં આવેછે,—અને એથીજ એવાં દરદોને વારસા દાખલ ગણવામા આવેછે.—એ એક-બીજામા સી રોતે ઉતરેછે તે વિશે કાબેલ હકીમો સારીપેઠે સમજતા હોવા જોઈયે.—ઈનસાનના વિચારની અણદીઠ મુર્તિ વિશે પણ એજ પ્રમાણે સમજવું

એ ઉપર કહેલાં દરદો કંઈ કુદરતના નિયમથી નહી, પણ કેટલાક સબબોને લીધે કુટુંબમા એ ચાલુ રહેછે,—પણ આ વિચારશકિતનો કુદરતનો એક ખાસ નિયમછે કે જે નિયમનો ગુણ **તે સાહેબે** ઈનસાન જાતમા પ્રથમથીજ ચાલુ રાખેલોછે, અને એ નિયમ કોઈથી કદિ ફરવાનો નથી. (કુદરતના નિયમનો ચાલુ કાયદો તકે. જેમ સવારમા સુર્ય ઉગમણની તરફથી ઉગેછે, અને સાંઝે આથમણ તરફ અસ્ત પામેછે. એ વિશે કદિ કોઇયે એવું નહી સાંભળયુ હશે કે એ આથમણની તરફથી ઉગ્યો અને ઉગમણમા આથમ્યો.—એજ પ્રમાણે એક-સરખી રીતથી જે ચાલુ રહે તેજ માત્ર કુદરતિ કાયદાનો નિયમ કેહેવાય.)

કુદરત જ્યારથી હસ્તી પામીછે ત્યારથી તે તમામ થાશે ત્યાં સુધી એ કાયદો તુટવાનો નથી, અને જો એ તુટે તો પછી સર્વનો અંત પણ સમજવો.

ઈનસાન ભલા અથવા ભુંડા કંઇપણ વિચાર કરેછે એટલે ઉપર કહ્યા મુજબ તેના વિચારમા તે વિશેની મુર્તિ બનેછે, અને તે તૈયાર થાયા પછી તેનીમાંહેથી જે બાળક જન્મ પામેછે તેપણ તેનાના વિચારને મળતુંજ હોયછે. અગર કોઈ બાળક પોતાના મા બાપના ભલા વિચારની માંહેથી જન્મ પામ્યું હોય તો તે પોતે પણ જાતે ભલું થાવાનું.—તેને કોઈ સદગુણી માણસની સોબતમા રાખયું હોયતો તે પોતાના સદગુણમા નીતિનો વધારો કરશે, અને તેના વિચાર બરાબર પુખ્ત થાયા પછી તેનથી જે બાળક અવતરશે તે તેનાથી વધુ ખુબીથી ભરેલું થાવાનું, અને એજ મુજબ કોઇએક કુટુંબમાં એ મુજબ સદગુણ ચાલુ રહયોતો પછી તેની શેવટે સારૂંજ પરિણામ થાવાનું, અને એજ પ્રમાણે અગર કોઈ બદ વિચારના રહને પોતાની માંહે પેદા કીધું હોયતો પછી તેનથી જે બાળક જન્મ પામશે તેપણ

તેનાજ ખવાસને મળતું થાવાનું અને લાંબી મુદત વેર તેને લગતીજ સોબત તેના ખાનદાનમા ચાલુ રહીતો પછી તેની શેવટે પણ ઘણું ખરાબ ફળ નિપજવાનું.

આ તો ધ્યાનમા રાખવું જોઇયેછે કે બાળકમા જે કંઈ જાતિ ખવાસ હશે તે કદિ બદલાશે નહી.—જેમ ઘોડાનો ખોરાક ગધેડાંને આપ્યાથી તે કદિ ઘોડો થાવાનો નથી, (જે કે મા બાપના વિચારના રૂહની માહેથી પેદા થાય અને તેનામાં જે ખાસીઅત હોય તેજ જાતિ ગુણ કેહેવાય.) તેમ તેને ગમે હેવી સોબતમા રાખીસું તોપણ તે પોતાની જાતિ ખાસીઅત કદિ મેલનાર નથી. (જેમકે કુતરાંની પુછડી વાંકી તે કદિ સીધી થાનાર નથી.) કારણકે તેનું અંતઃકરણ તેને તેજતરફજ લઈજશે કે જેની માંહેથી તે જન્મ પામ્યું હતું, અને જેમ જેમ તેના વિચાર મજબુત થાતા જશે તેમ તેમ તેનો જાતિ ખવાસ પણ જાહેર થાતો જશે.

કોઈ પરનાતિના દુધેળ બાળકને આપણા ધર્મની રીતભાતમા પરવરશ કરીસું તો જયાંસુધી પુગતા હોશમા આવશે નહી

ત્યાં સુધીતો તે આપણાજ ધર્મને ચાહાશે, અને જાને આપણાજ મજહબમા જન્મ પામ્યું હોય તેમ તેને પોતાનો કરીનેજ ગણુશે.—એટલુંજ નહી પણ તેનું પાળણુ કરનાર મા બાપ તેને જન્મ આપનારની દીનનો ધિક્કાર કરતાં હશેતો તેઓને જોઇને પેલું બાળક પણ તેનો ઇનિકાર કરશે, અને આ કેહેવત તે ઉપર બરાબર લાગુ પડશે કે જેવી સોબત તેવી અસર. આ પણ યાદ રાખવું કે અગરજો તેને જન્મ આપનાર મા બાપ અથવા વડવાઓ કે જેના ભલા રૂહની માંહેથી પેલું બાળક પેદા થાયું હતું, તેઓ પોતાના મજહબને પોતાના ખરા વિચારથી ચાહતાં હશેતો પેલાં બાળક ઉપર પણ તેની અસર રેહેવાની.

જ્યાંસુધી તે ઊમરમા પુગશે નહી ત્યાં-વેરતો તેનો ઉપર સોબતનીજ અસર રેહેશે, પણ જયારે તેની વિચારશકિત પુરતી રીતે કેળવત પામશે ત્યારે કોઈનાપણ સીખાડયા વગાર આપોઆપ તેનું વળણ તે તરફુજ રેહેવાનું કે જેમાંથી તે જન્મ પામ્યું હતું. અને જે વેળાએ તે બરાબર રાતે તઇયાર થાશે ત્યારે તેનું મન તેના પરવરશ

કરનારની તરફ કદાચજ રેહેશે, હા, એટલું થાશે કે અગરજો તેના મા બાપ જાતે વફાદાર હશેતો ત ગુણ તેમાપણ રેહેશે, તોપણ તેનું અંત:કરણતો તેને જન્મ આપનાર નાજ મજહબની તરફ દોડવાનું, અને જો તેને ફાવ્યુંતો શેવટે પોતાના પરવરશ કરનારના ધર્મને તજી દેવાનો.—તેની હેવી તબે વિશે જાહેર જોતાંતો કદાચને કોઈ હેવો વિચાર કરેકે ત નિમકહરામ હતું અથવાતો તેને સોબત ખરાબ મળી, પણ ત વિશે બરાબર વિચાર કરતાં માલમ પડેછે કે કુદરતથી તેમ થાવુંજ જોઇયે કારણકે જેની માંહેથી ત પેદા થાયું અને જે વસ્તુ તેની માંહેછે તેજ તેને દેખાશે.

ઘણાંક ભોળાં લોકો હેવાંબી હોયછે કે બીજી સઘળી દીનને પોતાનાથી હલકી લેખેછે, ટુંકમા તેઓ પોતાના મજહબ ઉપર એટલાંતો ચુસ્ત રહેછે કે તેને જાળવવાને કારણે પોતાના પ્યારા જીવને પણ બેદરકાર પણે જોખમમા નાખવાને આચકોખાતાં નથી. (દીનનુ જનુન કેહેવું હોયછે જે વિશે સર્વેકોઇ જાણીતાં હોયછે તથીકરીને ત વિશે વધુ બોલવાની કસી જરૂર નથી.)

આ તો ખરૂંછે કે તેવા લોકોના વિચારની મુર્તિપણ તેજરીતની બનવાની; અને તેની માંહેથી જે બાળક પેદા થાશે તેપણ તેવાજ ખવાસનું થાવાનું.—ઘણીક વેળાએ હેવું બનેછે કે તેવાં મા બાપને પેટે કોઈ હેવું બાળક જન્મેછે કે તે પોતાની ઊમરમા આવ્યા પછી તેનો ચાહ કોઈ પરગનિઆતની તરફ દોડેછે, અને તેનો વિચાર તેનીગમ લાગેલોજ રેહેવાનો, અને તેની વિચારશકિત મજબુત થાઇ એટલે પછી તે પોતાના બાપિકા ધર્મનો ધીક્કાર કરશે, અને તે ઉપર ગમે હેવીબિ ચાંપતી બંદોબસ્તી રાખી હોય તોપણ તેને કંઈ તક •મલી એટલે તે વટલાઈ જાયછે.—એ વિશે અગર કોઇને હેવો વિચાર આવેકે તેને સોબત ખરાબ મલી હશે જેથીકરીને તે વટલાઈ ગયો.—હેવો ખ્યાલ કરનારાઓ પોતાના જીવના મુખત્યારછે, ચાહે તેવું ધારે પણ, તે વિશે મ્હારા વિચાર પ્રમાણે કહુંછું કે તેમ કદિ હોતું નથી, (આ જે કહુંછું તે તેનેજ વિશે કે જે પોતાના ખરાં મનથીજ વટલાયછે, કારણકે ઘણાક લોકોતો પોતાની મતલબ સાંધવાને કારણે

પણ બીજાના ધર્મમા વટલાઇને લોકોને ઠગેછે.) કારણકે તેના વિચારજ તેને બીજી તરફ લઈજાય તો પછી બીજા કોઈની સોબતથી તેની ઉપર શું અસર થાનારછે?

જેવા વિચારમાંથી તેનો જન્મ થાયો હશે તેજ વિચાર તેનામાં પણ હોવાજોઇયે કાયકે જેવું મુળ તેવું થડ, તેમજ જેવા વિચારમાથી તે જન્મ પામ્યુંછે તેજ વિચાર તેનામા પણ હોયછે, અને જયારે એમજછે તો પછી તેનો અટકાવ કોણ કરી શકનારછે?

એ ખાસીઅતને પેદા થાવાના કારણો બે રીતના હોયછે,—જેમા પેહેલું તે કે અગરજો તેના મા બાપ અથવા વડવાઓ ના વિચારની કંઈક અસર તે ઉપર થાઈ હોય યાને બાળકના મા બાપ અથવા વડવાઓમાથી કોઇનોપણ વિચાર કંઈક કારણોને લીધે પરગનિઆતની તરફ ગયો હોય, અને તવાંમા કુદરતી કાયદાના સંજોગથી તે વિશેની મુર્તિ તેનામા પેદા થાઇ હોય અને તેજ તેના રૂહની માંહેથી પેહલું બાળક જન્મ પામ્યું હોય, તો બાળકનું વળણ પણ તેજ તરફ રેહેવાનું, અને તેના વિચાર તેને મળતાજ હોવા જોઇયે,

અને જેમ તે પુખ્ત થાતા જશે તેમ તેને પોતાનુંજ સઘળું ખરૂં દેખાવાનું, અને તે તેનેજ ભલું સમજશે કે જે તેનામા હશે, અને એમજછે તો પછી બીજાંની સોબત અથવા નશિહતથી તેને શું અસર થાનારછે? બીજું કારણ ....એ વિશે અતરે બોલવાની કસી જરૂર નથી.

આતો નક્કી જાણવું કે બાળકની ખાસીઅતનો સંઘો આધાર તેના મા બાપ અથવા વડવાઓની ઉપર હોયછે.—તેઓ કંઈપણ વિચાર કરેછે એટલે તે વિશેની મુર્તિ તેઓમાં પેદા થાયછે, અને તેમાથી જે બાળક જન્મ પામેછે તે પણ તેજ વિચારના થાયછે.—સર્વના વિચાર જુદા જુદા હોયછે, કેટલાંકોના શાંત અને સુસ્તકીમ, અને કેટલાંકોના ભટકટા હોયછે, અને જેમ સમુદ્રના એક મોજાની પુઠે બીજો તઇયારજ રહેછે, તેમ તેના વિચારપણ જરા જરામા બદલાયછે.

ઈનશાનમા જાતિ ખવાસ તરેહ તરેહના હોયછે, જે વિશે સર્વ કોઈ જાણીતાં હોવાં જોઇયે હેવું સમજીને તેનું બયાન કરવાની કસિ જરૂર જોતો નથી.

ઈનસાનની ખસલત એ તેઓને જન્મ આપનારના વિચારનું પરિણામ સમજવું. જેવી રીતના વિચાર મા બાપ કરેછે તેજ વિચારનો ગુણ તેના બાળકમા પણ હોયછે.—કોઈ બાળક પોતાના મા બાપના નેક વિચારના રૂહની માંહેથી પેદા થાયા પછી કોઈની બદ સોબતમા ઉધરશેતો ખરૂં છે કે તેપણ તેવુંજથાશે,—તેને પોતાની ઊમરનો મોટો ભાગ પોતાના સાથીની માફકજ ગુજારચો હોય તોપણ તે પોતાના અંતઃકરણથી કંઈબી કરપીણ કામ કરવાને તેનો વિચાર તેને અટકાવશે.—જોબિકે તે જાહેરમાંતો ઘણું ખરાબ હશે, તોપણ અંદરખાનેથી એવું દુષ્ટ નહીં હોવાનુ કે જેવું કોઈ પોતાના મા બાપના બદ વિચારના રૂહની માંહેથી પેદા થાયલું બદ હોયછે.—તેને પોતાની ઊમર ઉપર કહ્યા મુજબ ગુજારી હોય, તોપણ અગરજો કંઈકિ સંજોગને લીધે તે ઉપર સારી અસર થાઈ હોયતો તે પોતાની બદ ચાલ કે જે લાંબો વખત સુધી તેને ખરાબીમાં ગુજારી હતી તે થોડાજ વખતમા મેલી દેશે, અને પોતાનાથી થાતી ભુળનો પશ્ચાતાપ કરીને

નીતિનો માર્ગ લેયછે. હવે એથી કંઈ એમ નહી કેહેવાશે કે તેને કોઈની સારી નશિહતથીજ પોતાને સુધારયો, કારણકે નશિહતનું રૂહ ઈનસાનમા પાછળથી પેદા થાયછે,—એ એક ગુણછે કે જે વિચારની મદદગાર અક્કલની સાથે સમ્બન્ધ રાખેછે, યાને પ્રથમ વિચાર પેદા થાયો અને તેની માંહેથી અક્કલ પેદા થાઇછે, (જાણવુ કે વિચાર, અને અક્કલ, એ મુખ્ય બે જાતનાંછે અને તેની માંહેથી બીજાં જુદી જુદી જાતના બેહિસાબ પેદા થાયછે અને એ સઘળાંના દરજજા પણ જુદી જુદી જાતના હોયછે, જે વિશે કોઈ ફુરસદની વેળાએ લખીસું, કારણકે આ વેળાએતો ફકત ઈનસાનની પેદાયશ વિશેજે કંઈક બોલવાને શરૂ કીધુંછે તેથી કરીને બીજી બીજી બાબદો પર જવું એ મુનાસબ જોતો નથી.) કે જેની મારફતથી આપણ નશિહત કરી શકિયે છેયે, અને એ નસિહત કરનારી ગુર્તિતો ખવાસથી ઘણો પાછળ પેદા થાયલીછે; હવે જ્યારે તેનામા સદગુણ નો ઝરોતો કાયમજ હતો કે જે એક અન્ધકાર પડદામા છુપાયલો હતો, તેને જરા

સંજોગ મળતાંજ ચમકી નિકળયો.—એ
વિશે બરાબર વિચાર કરતા માલમ પડેછે
કે પ્રથમ તેનામા સદગુણ હતો કરીનેજ
જાહેર થાયો, કારણકે અગરજો તે તેની
જાતમા હતેજ નહી તો પછી સારી નશિહત
અથવા સોબતથી તેને અસર કેમ થાતે?
જેમકે એક જગા કે જયાંહુ પાણીનો
ઝરો નહીં હોય તેને ખોદીને તેમાંથી પાણી
મેલવવાની આશા કરવી એ ખ્યાલ
સરખુંછે. હવે જો કદિ તે જગામાં પાણી
હોય અને તેને ખોદયાથી પાણી નિકલે
તો તેથી કંઈ એમ નહીં કેહેવાય કે માત્ર
ખોદવાથીજ પાણી નિકલયું, કેમકે ખોદવું
એતો ફકત પાણીને બાહેર કાહાડવાનો
એક સંજોગછે, પણ જો કદિ તે જમીનમા
પાણી હશેજ નહીં તો પછી સન્જોગ તો
શું કરી શકનારછે? અને તેમજ તેનામાં
જાતિ સદગુણ તેથી કરીને સારી સોબતથી
તે માત્ર જાહેર થાયો. જેમ એક હીરો
બેદરકારપણે ઉકરડામાં પડીને ફેટાઈ ગયો
હોય, તોપણ તે જાતેતો હીરોજછે તેથી
કરીને જયારે તે ઉપર જરા હાથ ફેરવીશું
કે તરતજ તે ઝળકી નિકળશે. આજ

જાણવુંકે સોબતથી કંઈજ થાતું નથી, કારણકે એથી કાંઈ હેવી અસર નથી થાવાની કે જેવો જાતિ ગુણથી થાયછે. અને તેમજ કોઈના બદ ગુણની માંહેથી બાળક પેદા થાયું હોયતો તેને ગમે હેવી નેક સોબતમાં પરવરશ કરશું તો પણ તે પોતાની જાતિ ખાસીઅત કદિ મેળનાર નથી. જેમકે ઝેરી સર્પને ગમે એટલો સાકરનો શીરો પાઇશું તો પણ આખરે તેનો ડંખ ઝેરીજ રેહેવાનો, અથવાતો જેમ લોહોડાંના કકડાની ઉપર સોનાનો મુલમ્મો લગાડશું તો તેનો દેખાવ પણ સોના સરખોજ થાવાનો અને તેને દુરથી જોઇને કોઈ ઠગાશે, પણ જો તેને અગ્નિમા મેગીને ગરમ કરશું તો પાછો તે પોતાની અસલસ્થિતિમા આવવાનો વાસ્તે આપણે હેવો ખ્યાલ નહી કરવો જોઇયેકે સોબતથી ઈનસાનમા કંઈ ફેરબદલી થાતી હશે, કારણકે ઈનસાનની ખાસીઅત જે છે તે કુદરતી વિચારશકિતની માંહેથી પેદા થાયલું એક રૂહછે, અને સારી સોબત એ ગોયા એક સાબુના કકડાની મિસાલછે, એનામા એ ગુણછે કે જો કદિ કોઈના ખુબસુરત મોહોડાં ઉપર

કંઈક કાળો ડાઘ પડયો હોયતો તે ઉપર લગાડયાથી તે સાફ થાશે, પણ તેનેથી કંઈ હેતું નથી થાવાનું કે અગર કોઇની પેશાની ઉપર કંઈ જાતિ ડાઘ હોય તેને સાફ કરીને શોભીતી કરે.—બીજું અગરજો એકજ જગામા શેરડી તથા વાંસ એ બંધેને સાથે રોપસું તો શેરડોની સોબતથી વાંસમા કદિ મિઠાસ આવનાર નથી, વાસ્તે ટુંકમા કહું છું કે બાળકની ખાસીઅતનો સઘળો આધાર તેના મા બાપની વિચારશકિતની ઉપર હોયછે.

આ પણ કુદરતનો એક નિયમછે કે એકજ મા બાપને પેટે બે—ત્રણ—ચાર કે પછી—દસ—વીસ બચ્ચાં જન્મીને તેઓ સઘળાં એકજ રીતથી ઉછરયાં હોય—એકજ ખોરાક તેઓએ ખાધો હોય,—એકજ ઉસ્તાદના હાથ તલે તેઓએ કેળવણી લીધી હોય મતલબેકે તે સઘળાં એકજ તરેહથી ઉછરયા પછી જયારે તેઓની વિચારશકિત પુખ્ત થાય એટલે તે ૧ દરએકની ખાસીઅત એકેકથી તદન° જુદી જુદી હોયછે.—તેઓમા કોઈ બાદશાહી દમામનો, તો કોઈ નીચ સ્વભાવનો. કોઈ સખી

તબીઅતનો, તો કોઈ સુંભિયત ભરેલો. કોઈ સુરો, તો કોઈ હિચકારો. કોઈ દયાળુ, તો કોઈ નિર્દય. કોઈ અક્કલમન્દ, તો કોઈ બેવકુફ.—અને એજ પ્રમાણે દરેકની ખાસીઅત જુદી જુદી હોયછે. જોકે તેઓ સઘલાં એકજ મા બાપથી જન્મ પામેલાં, તેઓ એકજ રીતથી ઉછરેછે, તો પણ સઘળાંઓનો ખવાસ એકેકથી તદન જુદોજ હોયછે. હવે એથી કંઈ એમ નહી કેહેવાશે કે તેઓ ઉપર કંઈ સોબતની અસર થાઇ હતી, કારણકે તેઓતો એકજ સોબતમા પરવરશ થાયાં હતાં.

એ વિશે બરાબર સમજવાનું તો એ છે કે તે દરએકની વેળાએ કીધેલા તેઓના મા બાપના જુદા જુદા વિચારની ફેરબદલીનું કારણ હોયછે.——તેઓ દરેકની વખતે જે કંઈ વિચારો કરેછે કે જેનો એકઠો જમાવ થાઇને કુદરતથી નેમાયલા કાયદા મુજબ તે વિશેની મુર્તિ બનેછે અને તેની માંહેથી જે બાળક જન્મ લેયછે તે પણ તેવુંજ થાયછે જેઓના વિચાર સદા ભટકટા હોયછે તેઓના વિચારના જમાવની માંહેથી જે રૂહ પેદાથાયછે તે પણ તેને

મળતુંજ હોયછે, અને તેનેથી જે બાળક જન્મેછે તેપણ તેવુંજ ભટકટા વિચારનું હોયછે. નેક અથવા બદની અસર સોબતથી થાયછે એમ ખાતરીથી કદિ કેહેવાતું નથી કારણકે અગરજો સોબતથીજ તેમ થતું હોયતો પછી એકજ માબાપથી અવતરેલાં, એકજ સોબતમા ઉછરેલાં, એકજ ખોરાક ખાધેલો, અને એટલું હોવાછતાં પણ દરેકના ખવાસ જુદા જુદા નહીં હોવાં જોઇયે ટુંકમા તેઓ સઘળાં એકજ કામના કરનારાં હોવાં જોઇયે. જો કદિ સોબતથીજ ઈનસાનમા ખાસીઅત પેદા થાતી હોયતો જે કોઇકે મોટ મોટા પેગમ્બરો, ફીલસુફો, રૂષીઓ, અને હેવાજ બીજા નામાંકિત પુરૂષો જે થાઈ ગયાછે, તેઓની સોબતમા રહેલા દરેકજન પણ તેઓને મળતાજ હોવા જોઇયે, અને તેઓથી જે બાળકો જન્મે તેઓ પણ પોતાના મા બાપને મળતાંજ હોવાં જોઇયે અને તેનાઓથી જે બાળકો અવતરે તે પણ તેવાંજ હોવાં જોઇયે, અને વળી તેઓથી જે બચ્ચાં પેદા થાય તે પણ તેજ ખાસીઅતનાં થવાં જોઇયે, અને એજ રીતે ચાલુ રહે. તો આજ સુધી પણ તેઓનીજ

આસીઅતના માણસો દુનિયામા હોવાં જોઇયે બીજી રીતે બોલતાં દુનિયાના કેટલાએક ભાગમા આજસુધી લગભગ સઘળાજ પેગમ્બર થાવા જોઇયે.

બાળકોમા એકુજ રીતનો ખવાસ હોતો નથી તેનું કારણ એકે સ્ત્રી અને પુરૂષ એ બંધેનું જોડું એક વિચારનું કદિ હોતું નથી, તેઓ બંધેના વિચાર જુદા જુદા હોયછે, અને તેવા વિચારમાથી બે રીતની જુદી જુદી મુર્તિઓ પેદા થાયછે, અને તે બંધે સાથે એકુથી મળીને તેની માંહેથી એક બાળક જન્મ પામેછે જેથી તેનો ખવાસ કદિ એકુસરખો હોતો નથી.—તે સાથે આ પણ ધ્યાનમા રાખવું જોઇયેછે કે અગરજો બાપની વિચારશકિતનું કૌવત વધુ હોય, અને તેની મુર્તિની માંહેથી જો બાળક પેદા થાયતો તેનું વળાણ બાપની તરફ વધુ હોયછે. અને અગરજો મા તરફનુ કૌવત વધુ હોયતો તેને મળતું થાશે, તોપણ તે બંધેમાથી એકુના સ્વભાવનેપણ બિલકુલ મળતું કદિ થાવાનું નથી, કારણકે તે બંધેની મુર્તિના બળની માંહેથી પેદા થાયછે—જો કદિ બંધેની વિચારકિત

એકસરખીજ હોય, અને બંધેમા એકજ તરેહની મુર્તિને પેદા કરવાની શકિત હોય અને તેમાંથી જે બાળક પેદા થાય તો ત કંઇપણ ગુણમા બરાબર સમ્પુર્ણહોય અને તેના ઇનિસાનપણામા કંઇપણ ખામી ક‥‥જ હે.ય, પણ **તેની** કુદરતના ચાહવા સીવાય તેમ બણવું મુશકેલછે; વાસ્તે ફરીને કહુંછું કે ઉપર કહ્યા મુજબ સ્ત્રી અને પુરૂષ એ બંધેના વિચારના જમાવની એ જાતની મુર્તિની માંહેથી એક બાળક પેદા થાયછે તેથી કરીને તેની ખાસીઅત હમેશાં જુદીજ રીતની હોયછે.

ખાસીઅતની બંધે રીતા જેમા પેહેલી વડવાઓથી ઉતરતી અને બીજી મા બાપથી ઉતરતી—એ બંધે ઘણુંકરીને એક-બીજાને મળતી હોયછે, પણ ત્રીજી રીત એ બંધે કરતાંને જુદીજ હોયછે.

અગરજો કોઈ મા બાપ ઘણાજ નીતિ-વાન હોય અને દુનિયાની તમામ બદીઓ‥ી પોતાને સમ્ભાળીને રાખયાં હોય.—હવે જો કદિ હેવાં જોડાંને પેટે બાળક જન્મ લેયતો તેપણ તેનાજ ખવાસનુ હોવું જોઇયે અને એ વિશે ઉપર બોળચોપાણછું કે જેવા મા

બાપના વિચાર હોયછે તેવુંજ બાળક તેની માંહેથી પેદા થાયછે; સાવાસ્તેકે જેવા વિચાર હોય તેજ રીતની મુર્તિ તેનામા પેદા થાવી જોઇયે અને તેની માંહેથી જે બાળક જન્મ લેય તેપણ તેજ ગુણનું હોવું જોઇયે, પણ ઘણી વેળાતો તેમ બનતું નથી અને તેવાં ભલાં મા બાપથી જે બાળક પેદા થાયછે તે તેઓથી તદન ઉલટાજ ખવાસનું હોયછે અને તેથી જે બાલક જન્મ પામેછે તે તેથી વધારે દુષ્ટ હોયછે, ટુંકમા કહુંછુંકે એથી હેવો સવાલ નીકલવો જોઇયે કે જો બાળક પોતાના મા બાપના વિચારની મુર્તિની માંહેથીજ પેદા થાતું હોયતો તેપણ તેજ ખાસીઅતનું થાવું જોઇયે.—પણ વારમ્વાર હેવું જોવામા આવેછે કે નેક મા બાપથી હેવું બાળક પેદા થાયછે કે તેઓથી તદન જુદીજ ખાસીઅતનું હોયછે તો તેમ થાવાનું કારણ શું હશે?

એ વિશે બરાબર વિચાર કરતાં સમજાણ પડશેકે તેમ થાવાનાં સબબ બે રીતના હોયછે જેમા પેહેલું કારણ એકે તેવાં સ્ત્રી અને પુરૂષના મા બાપ અથવા તેઓના વડવા અથવા પેલાં બાળકના બપાઇ

બપાવા અથવા તેઓની અગાઉનાઓમાથી અગર કોઇએ કંઈ બદ વિચાર કીધા હોય કે જેનું રૂહ તેમા બરાબર તઇયાર થાયું નહીં હોય (એકનું કૌવત બીજાથી ઓછું હોયતો તે બરાબર બળવાન થાયા શિવાય પોતાનું જોર બતલાવી શકનાર નથી, જેમ એક જગા ઉપર થોડું પાણી રેડશુંતો આસ્તે આસ્તે તે તેજ તરફ ઉતરશે જે તરફ ઉતરતા ઢેરાવ હશે,—હવે જો કદિ તેની વીરૂદ્ધમા યાને તે ઉતરેછે તેની ઉપર એક હાંડો ભરીને પાણી એકદમ જોરથી રેડશું તો તે પેલાં ઉતરતાં પાણીને પોતાની સાથે ઉપરની તરફ ઘસડી લઇજશે કારણકે તેનું જોર પેલાં કરતાંને વધુ હતું તેથી જાં સુધી તેનું જોર હશે તાં સુધીતો તે પેલાંને નીચે ઉતરવા દેશે નહી.) અને તેજ રૂહ કુદરતના કંઈક સંજોગથી પેલાં નેક મા બાપમાં ઉતર્યું હોય પણ કેટલાક સબબોને લીધે તેઓમા તે બરાબર તૈયાર થાયું નહી હોય, જેથી શેવટે તેઓમાથી પેદા થાયલાં પેલાં દુષ્ટ બાળકની માંહે એજી મુર્તિ ઉતરી હોય, યાને તે રૂહ પેલાજ બદ વિચારની માંહેથી ઉતર્યું

તેને કપાળે ચોંટીયું હોયતો તેપણ તેવાજ ગુણનું પેદાથાવાનું કે જેની માંહેથી તે જન્મ પામ્યું હતું.—એ રૂહ હેવી રીતે તૈયાર થાયછે કે જેમ તસવીર (ફોટોગ્રાફ) પાડવાનું યંત્ર ઉદહારણને ખાતર લઈશું તો તે ચાલશે. તેના કાચમા હેવી ખુબી હોયછે કે તેની સાંએની વસ્તુનો આબેહુબ આકાર તેમાં પડેછે, એ વિશે અતરે લાંબું કરવાની કંઈ જરૂર નથી.—આપણી વિચારશક્તિ એ હેવું ગુણકારૂં યંત્રછે કે આપણ જેબિ વિચાર કરયે છૈયે એટલે તરતજ તેનો પડછાયો તેમાં પડેછે, (જેમ મોહોડું જોવાની આરસી.) અને **તેની** કુદરતની બખશીસથી તે વિશેની મુર્તિ તેમા પેદા થાયછે કે જેનેથી દુનિયામા ઈનસાનની પેદાયસનો વધારો થાયછે.—એ **તે સાહેબની** એક સિફતછે, અને તેમજ આપણ ઉપર મોટામા મોટી એક બખશીસછે.

બીજી રીત એકે અગર કોઈના નેક વિચારની માંહિથી કોઈ બાળક પેદા થાય અને કંઈકિ અકસ્માતથી તે પોતાની બાળ વયમાજ પોતાના મા બાપથી જુદું પડવાથી કોઈ દુષ્ટ લોકોના હાથમા

જઇપડે, અને તેઓમાજ પરવરશ થાયતો તેમણ તેને મળતુંજ થાવાનું, તોય જયારે તેની વિચારશકિત બરાબર કૌવત પામશે ત્યારે તેનો જાતિ ખવાસ જે હશે તે પોતાનું બળ ડેખાડયા વગર કદિ રેહવાનો નથી.—એ વિશે આગળ કંઈક ઇશારો કીધે છે તે ઉપર બરાબર વિચાર પોહોંચાડયાથી વધારે સમજણ પડશે.

આપણા વિચારમા નેક અથવા બદ કોઈપણ જાતની મુર્તિ જે બનેછે તે હરેક પોતપોતાનો વગ અથવા વસીલો પોતપોતાની તરફ વધારેછે અને તે તઇયાર થાય એટલે તે સાહેબના નેમેલા કાયદા મુજબ ગર્ભસ્થાનના મુલકમા થાઇને આ દુનિયામા દેખાવ દેછે, અને જેમ જેમ વખત જાયછે તેમ તેમ પોતાને લગતા ગુણ પોતામાં ખેચેછે અથવા એકઠા કરેછે.

બાળકમા ખસલત પેદા થાવાનો આધાર તેના મા બાપની વિચારશકિતની ઉપર હોયછે અને એનેથીજ તે જીંદગી ભોગવેછે.

વિચારનું યંત્ર ઈનસાનમાં સદા ચાલુજ હોયછે અને ખાસીઅતની બાંધણી એથીજ બંધાયલીછે અને તેનો પાયોપણ

અથીજ રચાયલોછે,—જેમ દિવસના એ પોતાનું કામ કરેછે, તેમ રાત્રેપણ કરયો જાયછે,–હેના રાતના કામને સ્વપ્ન (ખોઆબ) ને નામે ઓળખ્યે છૈયે, એપણ તેના રાખેતાનું કામ સમજવું.—જે પ્રમાંણે ઘડીઆળને કુંચી દીધી એટલે તે વગર હરકતે પોતાનુ કામ કર્યું જાયછે તેમજ આપણા વિચારનું કુદરતી ઘડીઆળ કે જે તે સર્વશક્તિમાનના હાથથી ફેરવેલી કુચીના આધાર ઉપર સદા પોતાનું કામ કર્યુંજ જાયછે.

સ્વપ્ન તે કુદરતના સાહેબની આપણ ઉપર એક બખશીસછે, કે જે વિચાર. અંકુલ, અને ખસલત, એ ત્રાણેની સાથે સમ્બન્ધ રાખેછે. સ્વપ્ન ત્રણ રીતના હોયછે; જેમા પેહેલો આપણા પોતાના વિચારની મુર્તિ આપણા જોવામા આવેછેતે.

બીજો કંઇપણ બાબદ વિશે આપણે યદિ વિચાર કીધો નહીં હોય, અને તે વિશે કંઈ સાંભળયું પણ નહીં હોય અથવાતો તે બાબદ કંઈપણરીતે આપણા ધ્યાનમા આવી શકે નહીં તેવું અજબ જેવું આપણા જોવામા આવેછે તે.

ત્રીજો કંઈપણ બનાવ આપણા ઉપર બનવાનો હોય તે વિશે અગાઉથી આપણને ગોયા ચેતવણી આપેછે, યાને અગમચેતી થાઈ હેવું દેખાયછે તે.—એ, વિચાર અક્કલ અને ખાસીઅત ઉપર શી રીતે આધાર રાખેછે તે વિશે સ્વપ્નની બાબદમા કહીશુ.

બાળકની ખાસીઅતનો સઘળો આધાર તેના માબાપની વિચારશકિતની ઉપરછે, જેવા તેઓના વિચાર હશે તેજ ખવાસનું બાળક તેઓમાથી જન્મ લેશે, અને એમા કંઈજ શક નથી.—વાસ્તે દરેક મા બાપને લાયકછે કે પોતાને ખુબ સંભાળવું અને તમામ બદીથી પોતાના હાથ ઉઠાવેલા રાખવા. જેવો આવતોપોતાનો વેળો, યાને પોતાની માંહેથી પેદા થાયલાં બાળકોને ઘણા સારી હાલતમા જોવાને ચાહાતાં હોયતો તેઓએ પોતાનીજ ખસલતને સુધારેલી રાખવી, તથા પોતાના નિર્મળ વિચારને નિયમસર તાબામા રાખવાને પુરતી કોશીસ કરવી અને દુનિયામા થાતી કંઈપણ બદીથી બને તેમ પોતાને દુર રાખવું પછી તે કેવીબિ નજીવી હોય કારણકે નબળુંજ કોઈ દિને મજબુત થાયછે,

(ઝાડનો રોપો જાંહુાંસુધી કુમળો હોયછે તાં સુધી પવનના ઝપાટાથી ધાસ્તીમા હોયછે અને દરેક સપાટાની વેળા ગોચા નમીને સલામ કરેછે અને કહેછે કે તમારે આસરેછું સમ્ભાળજો.—પણ તેજ ઝાડ જયારે મજબુત થાયછે ત્યારે મોટાં મોટાં તોફાનનીપણ દરકાર કરતું નથી.) વાસ્તે કંઈપણ બહીને નજીવી સમજવી નહીં. ખરૂંછે કે મા બાપના વિચારથીજ બચ્ચાંઓની ઉપર નેક યા બદની અસર થાયછે, વાસ્તે જો તમો એમજ જાણો કે આવતાં તમારાં બાળકોની ખાસીઅતનો સઘળો આધાર તમો ઉપરજ ટેકાઇ રહેલોછે તો પછી તે વિશેની જોઇતી બન્દોબસ્તી રાખવાને કારણે **તે સાહેબે** સર્વને સમ્પુર્ણ શકિત- બખશીછે કે જેની મદદથી સર્વ મા બાપ પોતાના બાળકના સારાં નરસાંના મુળકારણ પોતેજ થાઇ શકેછે.—વાસ્તે ફરીને કહું છું કે બદીથી સદાબિહિતાં તથા કાંપતાં રેહેવું કારણકે કદાચને તમારા વડાઓના પુણ્યથી (વડાઓના નેક વિચારનું રૂહ તેઓમા ઉતર્યું હોયતે—એ કેમ ઉતરેછે તે વિશે આગળ સમજાવ્યુંછે.) કદાચને જાહેરમા તમો છુટી

જશો, પણ તમોથી થાયલી બદી..તમારાં બાળકને કદિ મેલનાર નથી, અને તમારી અનીતિનું દુખ વગર કારણે તેને ખમવું પડશે તે વિશેનો વિચાર કરવો જોઇયેછે.—જોકે જાહેર જોતાંતો હેવું માલમ પડેછે કે દરેક મા બાપ પોતાના બાળકનું ભલું કરવાને તથા જોવાને કેવાં આતુર રહેછે, પણ તે વિશે ધ્યાનથી વિચાર કરતાં માલમ પડેછે કે તેઓ પોતાના પ્યારાં બાળકના કેવાં વેરી હોયછે કે જેઓ પોતાની પાછી મતલબ પાર પાડવાને અથવાતો નાશપામનારી દેહને જુઠું સુખ આપવાને કારણે કંઈ પણ પાપ કરવાને તેઓ બિહીતાં નથી, અને પોતાના ઘડીભરના સુખની લાલચને વાસ્તે સદાનું દુખ પોતાની ઉપર ખેંચી લેયછે.—વાસ્તે તે મા બાપ ખરાંજ નિર્દય કે જેઓ કંઈપણ વિચાર કીધાવગર, વગર કારણે પોતાની બદીનો સઘલો બોજો પોતાના બેતકસીર બાળક ઉપર મેલેછે.

જેલોકો અનીતિના માર્ગને ઘણો સેહેલો સમજેછે તેઓએ સારીપએ યાદ રાખવુંકે તેઓ સદાના નરકમા પોતાનુ રેઠાણ તૈયાર કરેછે, તેવાં લોકોનેસ્વર્ગતો મળનારજ નથી

અને તે સાથે આ દુનિયામાપણ તે સદાનો નરકવાસી થાશે.

સર્વની આ એક ખાસ ફરજછે કે બનેતેમ પોતાના વિચારને નીતિથી ભરેલા રાખવા, કંઈપણ કામ કરતી વેળા ખુબ સાવચેત રેહવું કારણકે કદાચને પોતાના બાળકના વેરી તેઓ પોતેજ થાઈલાગે નહીં. આતો નક્કી જાણવુંકે જેવા આપણા વિચાર હશે તેવીજ તેની મુર્તિ પેદા થાશે, અને તેમાથી જે બાળક જન્મ પામશે તેપણ તેવું થાવાનું એમા કંઇજ ફેર નથી.

હવે એ બાબદને વધુ લમ્બાન કરવા જરતાંને એ વિશે કંઈક બોલી બંધ કરીને તેનો વિચાર વાંચનારાઓનેજ સોપુંછું.

ઘણાકોમા જુઠું બોલવું એ એટળું સાધારણ થાઇ લાગુંછે કે તેઓ કંઈપણ બાબદમા જુઠા બોલો કામે લગાડવાને કંઈપણ આચકો ખાતાં નથી.—ઘણાકોતો રમુજને ખાતર જુઠું બોલેછે, તેઓને એ એટલું સેહેલ થાઈ લાગુંછે કે તે વિશે વિસ્તારીને બોલવું ઘણું લમ્બાન થાયછે.—તેઓ નથી જાણતાં કે જુઠાંથી શું

શું ખરાબીઓ થાયછે.—જે કોઈ જુઠાંને ઘણું સાધારણ સમજતાં હોય તેઓને જાણવું જોઇયેછે કે સઘળી ખરાબીનું મુળ એ જુઠુંછે તે વાસ્તે એથી ઘણાં બિહિતાં રેહેવું અને બને તેમ એથી દુર નાહાસવું. કારણ કે હેનો દેખાવ જેમ ઘણો સાદો, રંગીન અને ખુશ દીશેછે, હેનો સ્વાદ જેમ ઘણો મસાલેદાર અને દિલપસંદ હોયછે, તેમજ અંદરખાનેથી એ ઘણામા ઘણો બદ હોયછે. જાહેર જોતાં હેનામા હેવી ખુબી હોયછેકે થોડા વખતમાં ફકીરને માથે તાજ (મુગટ) ચઢાવી દેયછે, કંગાળોને તવંગર બનાવેછે, ગમગીનોને ખુશહાલી બખશી દેયછે, અને એજ મુજબ તમામ બાબદોમા એ પોતાને સખીઓના સરદારમા ખપાવેછે, અને પોતાનો દમામ સઉથી સરસાઇ ભરેલો દેખાડેછે પણ અફસોસ! તે સઘળું થોડોજ વખત ટકેછે, હેનો રાચરચીળોપણ ટકલીદી પોશાક ફાટવાને કંઈપણ વિલમ્બ લાગતો નથી તેનો! શોભીતો ઝભો ફાટો કે તરતજ તે માંહેથી એક કરૂપી મુર્તિ નીકળી આવી પોતાનો ભયભિત દેખાવ દેયછે, અને પોતાની ઠગાઇ ભરેલી મિઠી જબાનથી

ફગીને જેઓના માથાં આક્રોશ સાથે લગાડયાં હતાં તેઓને એકદમ પતાળની માંહે ફેંકી દેયછે.—ટુંકમા કહુંછું કે જુઠાઇ એ બદીના મુલકમાં પેસવાની મુખ્ય સિડીછે. એ રૂહ જેટલું સાધારણ ગણવામા આવેછે એટલું નથી. જે કોઈ જુઠું બોલેછે એટલે ઉપર કહ્યા મુજબ તે વિશેની મુર્તિ તેમાં પેદા થાયછે અને તેની માંહેથી જે બાળક જન્મ પામેછે તે તેવુંજ હોયછે, તે જુઠાઇની મુર્તિમાંથી પેદા થાયુંછે તેથી કરીને તેની જડ તેમાં સદા કાયમ હોયછે જેથી તે મજબુત થાયાપછી કોઈના સિખાડયા વગર આપોઆપ જુઠું બોલેછે અને તેથી કરીને તેને શરમિંદગી હાંસલ થાયછે, હમેશાં હિંણપસ્તીમા રહ્યાથી તે બેશરમ થાયછે તેમાં આગળ વધ્યો કે તરકટ કરવા માડેછે તેમાંથી છેદ કરેછે; પછી તે ગુસ્સાને સ્વાધીન થાયછે.—ટુંકમા એ જુઠું દરજજે દરજજે વધતાં તેનેથી ઘણાં નિર્લજ્જ કામ થાયછે (ખુન પણ કરેછે) જેથી શેવટે કેવી અવસ્થાને તે• પુગેછે. તે તેને દુખ દેયછે એટલુજ નહીં પણ તે જુઠાઇ જેઓની માંહે જન્મ પામી હતી તેની

મુર્તિ તેઓનાજ બાળકના વેષમા આવીને
ઓના નામને કાળક તળે ઢાંકી નાખેછે,
જેથી તેઓની અગાઉની જે કંઈ કીર્તિ હોય
તે પણ ઢંકાઈ જાયછે, અને તે પછી તેઓના
નામનો બદીનો સિક્કો જાહેર થાયછે.

જોકે તે સાહેબ બદીની સજા કેવી
રીતે કરેછે, તાંહાં તેને નરક મળેછે અને હીંયા
તેનું નામ સદાની શરમિન્દગીમા મશહુર
થાયછે.

એથી સર્વકોઇને લાયકછે કે પોતાને
ખુબ સંભાળવું, અને જોકદિ પોતાના
વિચાર અનીતિથી કંઈપણ બદી કરવાને
ચાહેતો તરતજ જુઠાઇના દાખલાને ધ્યાનમા
લેવો જોઇયેછે.—જોકે તે દેખાવમા કેવું
સાદું હોયછે, અને આગળ ચાલતાં તેમાંથી
શું શું માઠાં પરિણામ નીપજેછે અને
દરજજે દરજજે કેહેવી રીતે તે વધી જાયછે
જે વિશે આપણ કંઈજ જાણતાં અથવા
સમજતાં નથી, તે આપણામાંથી પેદા
થાયુંછે તેથી કરીને આપણને ભલુંજ દેખા-
યછે (પોતાની મા ને કોઈ ડાકણ કેહેતું નથી.)
અને એજ મુજબ કંઇપણ બદી વિશે
સમજવું કે તે દેખાવમા ઘણો સેહેલી અને

નછવી હોયછે પણ તેનું શેવટ ઘણું ખરાબ નિકળેછે. તે માટે ભણુંતો એજકે પોતાના નિર્મળ વિચારમા કંઈપણ બદીને જગા આપવી નહીં કારણકે એક વખત જગા આપી કે પછી સેહેલથી તે વધી જાયછે.

એજ મુજબ બાળકની નેકીનો આધાર પણ તેના મા બાપનો ઉપર હોયછે. એથી સર્વકોઇને ઘટેછેકે પોતાનાથી જેમ બને તેમ ભલા માર્ગને સોધવો, બદીને હાંકી કાહાડવી, અને નેકીના ખરીદદાર થાવું જેથીકરીને તેઓમાથી અવતરેલાં બાળક પણ શેવટે તેવાંજ નેક થાશે, અને એજ મુજબ ચાલુ રહ્યાથી હુમેશાં નેકીનો ઝરો તેઓમા વેહેતો રેહેશે, તથા સદા ભાગ્યશાલી કેહેવાશે અને હુમેશાં સુધી કીર્તિનું તાજ માથાં ઉપર કાયમ રેહેશે.

જાણવુંકે બાળકને કેળવની આપવી એ આપણ સર્વની ખાસ ફરજછે ખરી, પણ કેળવણી આપવાનો ખરો માર્ગતો એજછે કે તેના પેદા થાવાની આગમજ તેના મા. બાપે પોતાને સુધારેલાં રાખવાં, અને નીતિને વળગી રેહેવું કારણકે જો મા બાપનાજ વિચાર બદ હોયતો

તેના બાળકને ગમે હેવી જાહેર કેળવણી આપે પણ શેવટે તે નકામી થાઇ પડેછે. (આ ઠેકાણે જાહેર કેળવણી વિશેનું સમજવું એકે બાળક જન્મયા પછી જે કંઈ નીતિ તેને સિખાડયામા આવેછેતે.) જાહેર કેળવણીથી માત્ર એટલુંજ થાશે કે આ નાશ પામનારૂં શરીર પુષ્ટી મેળવે.—એથી તે જોઇયે તેવો નીતિવાન થાશે હેવી આશા રાખવી એ ગોયા ચારણીની ડોલથી કુવા માંહેલું પાણી કાહાડવા સરખુંછે.

એથી કોઇયે હેવો ખ્યાલ નહીં કરવો કે બાળકને જાહેર કેળવણી આપવાની કસી જરૂર નથી, કારણકે એતો ઈનસાન જાતનો ખાસ સણગારછે અને નીતિને સમજવાનો સઉથી સરસ એક માર્ગછે,—પણ તે સાથે એટલુંબિ ધ્યાનમા રાખવુ કે જાહેર કેળવણી તેનેજ અમુલ્ય થાઇ પડશેકે જે પોતે જાતે કેળવાયલો હશે, (જાત કેળવાયલો યાને જે કે પોતાના મા બાપના નીતિ ભરેલા વિચારની માંહેથી પેદા થાયલો હોય તે..), કારણકે જાતિ કેળવણી વગર ઉપરની કેળવણી એ ગોયા કોઈ બદસુરત ઓરત ઉપર સણગાર કીધાસરખુંછે.—જોકે તેમ

કીધાથી તેનો દેખાવ પ્રથમ કરતાંને વધારે શોભા આપશે એ ખરૂંછે.— તોપણ જે ખુબી ખુબસુરતમાં દેખાયછે તેવી તેમાં કદિ હોતી નથી.

ટુંકમા કહુંછુંકે અગરજો કોઈ પોતાના બાળકોને નીતિવાન, સુધરેલાં, નસીબવાન, અને કીર્તિથી ભરપુર જોવાને અથવા સાંભળવાને ચાહતાં હોયતો તેઓએ પોતાનાં બાળકોને તેઓના જન્મ પછી કેળવણી આપવા કરતાંને તેઓના પેદા થયાની આગમજથી પોતાનાજ વિચારને સુધારેલા રાખવા, અને નીતિથી આડો માર્ગ કદિ લેવો નહીં જેથી તેઓના બાળકો ઘણી ઉતમ કેળવણી વાલાં થાશે, અને તે પછી તેઓના ભલાં ખાતર જે કંઈ મેહેનત લેશો અને જાહેર કેળવણી આપશો તે તેઓને ઘણી ફાયદાની અને ઉપયોગી થાઇ લાગશે અને શેવટે તે તમોનેજ શોભા આપશે.—કમનસીબે કદાચને તેઓ તેને આ જાહેર કેળવણી નહીબી આપીશકે તોપણ તે દીપી નિકળશે, (જેમ સુર્ય વગર ઘરેણાથીપણ દીપેછે) અને આગળ ચાલતાં તેઓથી હેવાં ખુબીભરેલાં કામ થાશે કે જેથી તમારા

બુઢાપાના નામને પાછું જવાનીના બાહારમાં લાવશે, અને કંઈક મુદતની મુવેલાંઓને જીવતાં કરશે, જે જોઇ તમો આનન્દ પામશો, અને શેવટને દિને **તે શાહેબની** દરગામાં બેફીકરીથી આરામ લેશો, અને આ દુનિયામાં તમારૂં નામ સદા પ્રકાશિત રેહશે.

સર્વની આ એક ફરજછે કે પોતાના નિર્મળ વિચારને સુધારેલા રાખવા અને સદાની નીતિને વળગી રેહેવું, જેથી બધે દુનિયામાં અથવા સઘળા અવતારમાં ફાયદા થાયા વગર રેહેશે નહીં, અને તેમાટે **ખુદાએ** આપણને વિચારશકિત બખશેલીછે હેમાં હેવી ખુબી મેળાયલીછે કે આપણ ચાહીયે તેમ તેને વાપરો શકીયે, નેક અથવા બદ એ બંધેમાથી જેબિ આકાર હેને આપશું તે એ બરાબર લઈ શકશે, જેમ લખવાની કલમતો એકજ હોયછે, ચાહીયેતો તેથી પાક **ખુદાનું** નામ લખીયે અને ગમેતો સેતાનનું, તેમાં કલમની કુસિ તકસીર કેહેવાશે નહીં કારણકે તેતો પોતાનું કામ બરાબર રીતે કરેછે.

હાલના આ બાબદનો અતરે જેડે લાવતાં એટલું કહુંછું કે તે સાહેબ કે જેના પવિત્ર નામથી આ બોહોળી જગત, આકાશ, અને પાતાળ એ સર્વકંઈ કાયમછે, તેને પોતાની અપાર મેહેરબાનીથી વિચાર-શક્તિનો અમુલ્ય ખજાનો આપણને બખશીસ કીધોછે કે જે એક બોહોળા સમુદ્રની માફકછે.

તેને આપણ ઉપર હેવી અપાર સખાવત કીધીછે તો આપણને પણ લાયકછે કે તેનો જોઇતો ઉપયોગ કરવો કે જેથી તેના બખશનારને આનન્દ ઉપજે.

તેને પોતાના નુરની અંદરથી આપણને જે કંઈ આપયુંછે તે એક મહાભારત ઈલમછે; (જો સમજયેતો) કે જેથી તે અને આપણ બંધે વચ્ચેની હસ્તી સમ્બન્ધ ધરાવનારી થાઇ પડેછે, તે અને આ એ બંધે સમુદ્રના છેડા એટલાતો અખુટ અને વગર થાગનાછે કે તેના છેડા કોઇને ખબર નથી, કે નાતો કંઈ પત્તોછે.—જેમ તેનું પ્રથમપણુ મેળવવું નહીં બને તેવુંછે તેમજ તેનું શેવટ જાણવુંપણ ઘણું મુશકેલછે તેની બખશેલી વિચારશકિતનું કૌવત તેઓથીજ માલમ પડશે કે જેઓ

ખરા ઈનસાનછે.—ઈનસાન જે છે તે ગોયા
ખુદાની ખુદાઈ વિશેની એક નિશાનછે.
ખરે સાધારણ આંખમાં તે ઈનસાનછે પણ
વિચારની આંખ તેને તેમાં મળેલું જોયછે.
ખરૂં ઈનસાન તેનેજ કેહેવું ઘટેછેકે જેની
માંહે તે કિરતારની જગા હોય.—બાકીતો
સઘળાંજ ઈનસાનછે. તે સાહેબે બંધ
જગતની રચના હેવી ખુબીયાં રચેલીછે
કે જે વિશે બરાબર રીત સમજવું ઘણું
મુશકેલ છે.—અથવાતો ના કહુયે તો તેમબિ
ચાલે; તે સામે ચાતુરોની ચતુરાઈ
મુંઝાયછે, અને અક્કલમન્દોની અક્કલ
અંધારી કોઠડીમાં ગોતાંખાયછે.—